" રવિવારની સાપ્તાહિક પૂર્તિ "
રસધાર

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-08 | Issue-265 | AD-2025, Ashadh Sud-04 | Sunday, Dt.29-06-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

**ગાઝા આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ યુદ્ધમાં અત્યાર સુધીમાં ૫૬,૦૦૦થી વધુ પેલેસ્ટિનિયનોએ પોતાનો જીવ ગુમાવ્યો**

# ઈઝરાયેલનો ગાઝા પર ભીષણ હુમલો, ૩૪ લોકોના મોત

અલ-બલાહ,તા.૨૮

ઈઝરાયલી સેના તેના સૈનિકોના મોત બાદથી હમાસ પર વિનાશક હુમલા કરી રહી છે. આઈડીએફે ગાઝામાં મોટો હવાઈ હુમલો કર્યો છે. આમાં ઓછામાં ઓછા ૩૪ લોકો માર્યા ગયા છે. ગાઝાના આરોગ્ય કર્મચારીઓના મતે, આ હુમલા એવા સમયે થયા જ્યારે ગાઝામાં ગંભીર માનવતાવાદી કટોકટી વધુ ઘેરી બની રહી છે અને યુદ્ધવિરામની શક્યતા ધીમે ધીમે વધી રહી છે. મોડી રાત્રે શરૂ થયેલા આ હુમલા શનિવાર સવાર સુધી ચાલુ રહ્યા. ગાઝા શહેરના 'પેલેસ્ટાઈન સ્ટેડિયમ' પર થયેલા હુમલામાં ૧૨ લોકો માર્યા ગયા હતા, જ્યાં વિસ્થાપિત લોકોએ આશ્રય લીધો હતો. તે જ સમયે, એપાર્ટમેન્ટમાં ૮ અન્ય લોકો માર્યા ગયા હતા. આ બધા મૃતદેહોને શિફા હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા, જ્યાં સ્ટાફે આ માહિતી આપી હતી.



દક્ષિણ ગાઝાના મુવાસીમાં એક તંબુ પર થયેલા હુમલામાં વધુ છ લોકો માર્યા ગયા હતા. આ હુમલા એવા સમયે થયા છે જ્યારે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સંકેત આપ્યો હતો કે આગામી અઠવાડિયામાં યુદ્ધવિરામ કરાર થઈ શકે છે. વ્હાઈટ હાઉસના ઓવલ ઓફિસમાં પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું, અમે ગાઝા મુદ્દા પર કામ કરી રહ્યા છીએ અને તેને ઉકેલવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઇઝરાયલના વ્યૂહાત્મક બાબતોના પ્રધાન રોન ડર્મર આવતા અઠવાડિયે વોશિંગ્ટનની મુલાકાત લેશે જ્યાં ગાઝા યુદ્ધવિરામ, ઈરાન અને અન્ય મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. આ માહિતી એક અમેરિકન અધિકારીએ આપી હતી, જેમણે મીડિયા સાથે વાત કરવાની મંજૂરી ન હોવાથી નામ ન આપવાની શરતે વાત કરી હતી.

નોંધનીય છે કે ગયા માર્ચમાં યુદ્ધવિરામ ભંગ થયા પછી ગાઝામાં ઈઝરાયલની લશ્કરી કાર્યવાહી ચાલુ છે, જેના કારણે માનવતાવાદી કટોકટી વધુ ઘેરી બની છે. ગાઝામાં હજુ પણ લગભગ ૫૦ ઈઝરાયલી બંધકો છે, જેમાંથી અડધાથી ઓછા જીવિત હોવાની અપેક્ષા છે. આ એ જ બંધકો છે જેમનું હમાસે ૭ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ ઈઝરાયલ પરના હુમલા દરમિયાન અપહરણ કર્યું હતું, ત્યારબાદ આ ૨૧ મહિના સુધી ચાલેલું યુદ્ધ શરૂ થયું હતું.

ગાઝા આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ યુદ્ધમાં અત્યાર સુધીમાં ૫૬,૦૦૦ થી વધુ પેલેસ્ટિનિયનોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. મંત્રાલય નાગરિકો અને લડવૈયાઓ વચ્ચે ભેદ પાડતું નથી, પરંતુ કહે છે કે મૃતકોમાં અડધાથી વધુ મહિલાઓ અને બાળકો છે. બંધકોના પરિવારોને આશા છે કે ઈઝરાયલ અને ઈરાન વચ્ચે યુદ્ધવિરામ કરાવનારા યુએસ પ્રમુખ ટ્રમ્પની મધ્યસ્થી પણ ગાઝામાં સોદા માટે દબાણ બનાવી શકે છે. રાષ્ટ્રપતિ પેઝેશ્કિયાને આ પ્રસંગે શહીદોને શ્રદ્ધાંજલિ આપી અને કહ્યું કે ઈરાન કોઈપણ વિદેશી આક્રમણનો યોગ્ય જવાબ આપશે. અમે આપણા દેશના સાર્વભૌમત્વ અને લોકોના રક્ષણ માટે પ્રતિબદ્ધ છીએ.

## પીએમ મોદીએ શુભાંશુ શુક્લા સાથે વાત કરી

ન્યુ દિલ્હી,તા.૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે ગ્રૂપ કેપ્ટન શુભાંશુ શુક્લા સાથે વાતચીત કરી હતી. IAF અધિકારી શુભાંશુ શુક્લા ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં પ્રવેશ કરનાર પ્રથમ ભારતીય બન્યા છે. તે એક ઐતિહાસિક ક્ષણ હતી. Axiom-4 Missionના ભાગરૂપે તેમની યાત્રાને ગ્લોબલ સ્પેસ એક્સપ્લોરેશનમાં ભારત માટે એક મુખ્ય લક્ષ્યાંક ગણાવાઈ રહી છે. ૧૪ દિવસની અંતરિક્ષ યાત્રા પર ગયેલા શુભાંશુ શુક્લા સાથે વડાપ્રધાન મોદીએ વાત કરી હતી. જેમાં વડાપ્રધાને શુભાંશુને કહ્યું કે, 'તમે દેશવાસીઓના દિલની ખૂબ નજીક છો. ૧૪૦ કરોડ દેશવાસીઓની ભાવનાઓ તમારી સાથે છે. તમામ ભારતીયોમાં ઉત્સાહ છે. ભારતનો પરચમ લહેરાવવા બદલ શુભેચ્છા.' આ દરમિયાન શુભાંશુએ કહ્યું કે, 'દેશનું પ્રતિનિત્વ કરવાનો મને ગર્વ છે. અંતરિક્ષમાં મારી નહીં, દેશની યાત્રા છે. અંતરિક્ષથી ભારત ખરેખર ભવ્ય દેખાય છે, નકશા કરતાં ઘણું મોટું દેખાય છે. અંતરિક્ષથી પૃથ્વી પર કોઈ સરહદ નથી દેખાતી, અહીં ૨૪ કલાકમાં ૧૬ વખત સૂર્યોદય અને સૂર્યાસ્ત જોવા મળે છે.' વડાપ્રધાન મોદીએ હોમવર્ક આપતા શુભાંશુ શુક્લાને કહ્યું કે, 'તમારો અનુભવ આગામી મિશન માટે જરૂરી છે. હું જેની સાથે વાત કરું તેને હોમવર્ક જરૂર આપું છું, તમારા અનુભવ રેકોર્ડ કરજો. ગગનયાન, ભારતનું પોતાનું સ્પેસસ્ટેશન અને ચંદ્ર પર ઉતરવાના મિશનમાં મદદ મળશે.' વડાપ્રધાને રમૂજી અંદાજમાં શુભાંશુ શુક્લાને પૂછ્યું કે, 'તમે અન્ય અંતરિક્ષયાત્રીઓને હલવો ખવડાવ્યો કે નહીં? ત્યારે શુભાંશુ શુક્લાએ કહ્યું કે, હા, ગાજર અને મગની દાળનો હલવો તથા કેરીનો રસ ખવડાવ્યો છે.'


















સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
રવિવાર, તા. ૨૯-૦૬-૨૦૨૫

# ધારીના દેવળા ગામે ભૂંડ અને રોઝના ત્રાસથી ખેડૂતો પાયમાલ

**ભૂંડ અને રોઝના ત્રાસથી ખેડૂતોને મુક્તિ મળે તેવી માંગ**

ધારી,તા.૨૮

ધારી તાલુકાના દેવળા ગામમાં સીમ વિસ્તારમાં ભૂંડ અને રોઝનો ત્રાસ અસહ્ય બની ગયો છે, જેનાથી ખેડૂતો પારાવાર મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ગોરધનભાઈ વસોયા નામના ખેડૂતના પાંચ વીઘાથી વધુ સિંગના પાકને ભૂંડોએ ભારે નુકસાન પહોંચાડ્યું છે. આસપાસના અન્ય ખેડૂતોના ખેતરોમાં વાવેતર કરેલ સિંગને પણ ભૂંડોએ વ્યાપક નુકસાન કર્યું છે. ખેડૂતોની એક જ માગણી છે કે વહીવટી તંત્ર આ ભૂંડ અને રોઝના ત્રાસમાંથી મુક્તિ અપાવવા માટે તાત્કાલિક અને નક્કર પગલાં ભરે. જો આ સમસ્યાનો વહેલી તકે ઉકેલ નહીં આવે તો ખેડૂતો સંપૂર્ણપણે બરબાદ થઈ જશે તેવી ભીતિ સેવાઈ રહી છે. હાલ તો ભૂંડના ત્રાસથી ખેડૂતોની હાલત કફોડી બની ગઈ છે.


તસવીર : સંજય વાળા

# ધારીના ત્રંબકપુર ગામના બ્રેઈન ડેડ જાહેર થયેલા આધેડના અંગોનું દાન કરાયું

ધારી,તા.૨૮

ધારી તાલુકાના ત્રંબકપુર ગામના પરસોતમભાઈ જીવરાજભાઈ વેકરીયાને સરસિયા ગામ નજીક અકસ્માત થતાં તેમને ગંભીર ઈજાઓ થઈ હતી. તેમને તાત્કાલિક ધારી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે અમરેલી અને ત્યારબાદ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. અમદાવાદ સિવિલ હોસ્પિટલના ડોકટરોએ ટૂંકી સારવાર બાદ તેમને બ્રેઈન ડેડ જાહેર કર્યા હતા. સિવિલ હોસ્પિટલની અંગદાન ટીમે તેમના અન્ય અંગો સારી સ્થિતિમાં હોવાનું જણાવતા, તેમના ધર્મપત્ની જયાબેન, નાના ભાઈ મનસુખભાઈ અને તેમના ત્રણ દીકરાઓ મહેશભાઈ, મુકેશભાઈ અને વિપુલભાઈએ અંગદાન કરવાનો પ્રેરણાદાયી નિર્ણય લીધો હતો. આ સેવાકીય નિર્ણય થકી, પરસોતમભાઈનું લિવર, કિડની, આંખો અને ચામડીનું દાન કરવામાં આવ્યું, જે જરૂરિયાતમંદ અન્ય દર્દીઓ માટે અત્યંત ઉપયોગી સાબિત થશે.



# સા.કુંડલાથી મહુવા માર્ગ પર ડાઈવર્ઝનને મજબૂત બનાવવા માંગ

વીજપડી,તા.૨૮

સાવરકુંડલાથી મહુવા માર્ગ પર નવા પુલનું કામ ગોકળગાયની ગતિએ ચાલી રહ્યું છે, જેના કારણે ડાયવર્ઝન વારંવાર ધોવાઈ જાય છે. ચોમાસામાં બે વખત પાણીથી ધોવાઈ જતાં વિજપડીનો માર્ગ સંપૂર્ણપણે સંપર્કવિહોણો બન્યો હતો. હાલમાં ફરી ડાયવર્ઝન બનાવાયા છે, પરંતુ ભારે વરસાદ આવે તે પહેલાં જ તે ઊખડી ગયા છે અને ફરી ધોવાણ થવાનો ભય છે. તંત્ર દ્વારા આ ડાયવર્ઝનને તાત્કાલિક મજબૂત બનાવવાની માંગ કરવામાં આવી છે. વળી, વિજપડીથી મહુવા માર્ગ પર, ખાસ કરીને બસ સ્ટેશન સુધી, મોટા ખાડા પડી ગયા છે. આખો ઉનાળો વીતી ગયો હોવા છતાં તંત્રએ ડામરથી પુરાણ ન કરતાં વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. વિજપડી જૂની જીઈબી ઓફિસથી મહુવા માર્ગના રોડ પરના આ ખાડાઓ તાત્કાલિક પૂરવા માંગ કરાઈ છે.

# અમરેલી જિલ્લામાં વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી

અમરેલી,તા.૨૮

અમરેલી જિલ્લામાં આજે સવારથી જ વરસાદી માહોલ છવાયો છે, અને આખો જિલ્લો વાદળછાયા વાતાવરણ હેઠળ છે. સાવરકુંડલા શહેર અને તેની આસપાસના વિસ્તારોમાં વરસાદના ઝાપટા પડ્યા છે. જાફરાબાદ પંથકના ગામડાઓમાં ઝરમર વરસાદ નોંધાઈ રહ્યો છે, જેના કારણે કેટલાક વિસ્તારોમાં રોડ અને રસ્તાઓ પર પાણી ફરી વળ્યા છે. રાજુલા કોસ્ટલ બેલ્ટમાં પણ છૂટોછવાયો અને ધીમી ધારે વરસાદ પડી રહ્યો છે. આ વરસાદથી ખેડૂતોમાં ખુશીનો માહોલ છે. હવામાન વિભાગની આગાહી મુજબ, ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં છૂટોછવાયો વરસાદ પડવાની શક્યતા છે. અમરેલી જિલ્લામાં ક્યાંક ધીમી ધારે તો ક્યાંક ઝરમર વરસાદ ચાલુ છે, જેણે વાતાવરણને ખુશનુમા બનાવ્યું છે. જો કે સતત વરસી રહેલા વરસાદને કારણે રોગચાળો ફાટી નીકળે તેવી દહેશત સેવાઈ રહી છે.



**ઝરમર વરસાદથી રોગચાળો ફાટી નીકળે તેવી દહેશત**

# બાબરાની અબ્દુલ કલામ શાળા ખાતે શાળા પ્રવેશોત્સવ યોજાયો

બાબરા,તા.૨૮

બાબરાની ડો. અબ્દુલ કલામ શાળા નં. ૪ ખાતે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશ મહોત્સવ ૨૦૨૫-૨૬ ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મામલતદાર સુમરા ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે અમરેલી ભાજપ મહામંત્રી ભૂપેન્દ્રભાઈ બસીયા, સી.આર.સી. શિવકુભાઈ ખાચર, SMC કમિટી, વાલીગણ અને આંગણવાડી બહેનો પણ જોડાયા હતા. આચાર્ય પ્રકાશભાઈ રાઠોડ અને સમગ્ર શિક્ષક સ્ટાફ દ્વારા આ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.



# કેરિયાનાગસની પ્રા. શાળામાં પ્રવેશોત્સવની ઉજવણી

અમરેલી, તા.૨૮

કેરિયાનાગસની પ્રાથમિક શાળામાં શનિવારે પ્રવેશોત્સવ યોજાયો હતો. જેમાં રૂટ અધિકારી તરીકે જિલ્લા હિસાબી અધિકારી ચૌહાણભાઈ, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સોલંકીભાઈ, ટ્રેઝરી અધિકારી સોરઠીયાભાઈ, લોકલ ફંડ જિલ્લા પંચાયતના રામાણીભાઈ, લાયઝન અધિકારી નિકુંજભાઈ પંડ્યા, સરપંચ રાજુભાઈ મેવાડા, દાતા લક્ષ્મણભાઈ લાઠીયા, રામભાઈ કુકડિયા, જીગ્નેશભાઈ કુકડિયા, પ્રણવભાઈ લાઠીયા, કાનજીભાઈ વેકરીયા, સાવનભાઈ વીરપરા, રાજુભાઈ ઠાકોર, મનસુખભાઈ ગાંગડીયા, બીઆરસી બીપીનભાઈ ગજેરા, સીઆરસી રવિન્દ્રભાઈ મહેતા ઉપસ્થિત રહ્યા હતા. આ તકે બાલવાટિકામાં ૪૪, ધોરણ ૧માં ૫ બાળકો અને આંગણવાડીમાં ૭ બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો હતો.



# દામનગરમાં ૧૩૫ વર્ષ જૂની જર્જરિત ઈમારતમાં મોટી તિરાડ પડવાથી જીવનું જોખમ


દામનગર, તા.૨૮

દામનગર શહેરમાં વર્ષો સુધી કાર્યરત રહેલી સરકારી કચેરીઓને અન્ય સ્થળે ખસેડવામાં આવી છે. મધ્યમાં ઊભેલી ત્રણ ઈમારતો પ્રત્યે વહીવટી તંત્રએ રાહત થાય એવી કામગીરી કરેલ ન હોવાથી એક ઈમારતની દીવાલના ભાગમાં મોટી તિરાડ પડવાથી તે પડે તેવી સ્થિતિમાં છે. અહીંથી પસાર થતાં નાગરિકોની માથે જોખમ રહેલું હોવાથી અમરેલીના કલેકટર અથવા માર્ગ અને મકાન વિભાગ અથવા સંબંધિત અધિકારીઓ જો તાકીદે આ ઈમારતનો જોખમી ભાગ અને બીજા અન્ય ભાગોને તોડી નહીં પાડે તો કોઈ વ્યક્તિનો અથવા પશુનો જીવ જઈ શકે તેમ હોવાથી લોકો યોગ્ય કાર્યવાહી કરવા માગણી કરી રહ્યા છે.

# ગજેરા કેમ્પસની મહિલા આર્ટ્સ કોલેજનું યુનિવર્સિટીની પરીક્ષામાં ઝળહળતું પરિણામ

અમરેલી, તા.૨૮

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ B.A.(Soc.) સેમ.-IIIની લેવાયેલી પરીક્ષામાં અમરેલીના ગજેરા કેમ્પસની શ્રીમતી ડી.એચ. કાબરીયા મહિલા આર્ટ્સ કોલેજનું પરિણામ 100% ડિસ્ટિંકશન સાથે જાહેર થયું છે. આ પરીક્ષામાં કોલેજની વિદ્યાર્થિનીઓ સોલંકી હેમીશા જે. કોલેજ ફર્સ્ટ - ૯૨.00%, સોલંકી પ્રિયાંસી એચ. કોલેજ સેકન્ડ - ૮૯.૮૨% અને ભમ્મર અજુ જી. કોલેજ થર્ડ - ૮૯.૪૫ % પ્રાપ્ત કરેલ છે. લેઉવા પટેલ ચેરી. ટ્રસ્ટ સુરત સંચાલિત શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ તરફથી અભિનંદન પાઠવવામાં આવેલ છે.



# ચિતલ ખાતે નેત્રનિદાન કેમ્પ યોજાયો, ૮૦ દર્દીઓએ લાભ લીધો

અમરેલી,તા.૨૮

રણછોડદાસ હોસ્પિટલ, રાજકોટ અને વિદ્યા ભારતી ટ્રસ્ટ, ચિતલ દ્વારા સરસ્વતી વિદ્યા મંદિર, ચિતલ ખાતે ૧૧૮મા નેત્ર નિદાન કેમ્પનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. મનુભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ કેમ્પને અરજણભાઈ મોહનભાઈ ધાનાણી તેમજ વજુભાઈ ભગવાનભાઈ ધોળાનો સહયોગ પ્રાપ્ત થયો હતો. આ કેમ્પનું ઉદ્ઘાટન પોલીસ સબ-ઈન્સ્પેક્ટર ઓમદેવસિંહ જાડેજાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદ સૌરાષ્ટ્ર પ્રાંતના ઉપાધ્યક્ષ એડવોકેટ હંસાબેન મકાણી, અમરેલી જિલ્લા સેવા પ્રમુખ એડવોકેટ યુવરાજસિંહજી પલવાર, જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદના ઉપ-પ્રમુખ વિજયભાઈ દેસાઈ, જાણીતા ઉદ્યોગપતિ લાલભાઈ દેસાઈ, કાળુભાઈ ધામી, ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ સુખદેવસિંહ સરવૈયા, મહિલા અગ્રણી રંજનબેન ડાભી, રંજનબેન બાબરીયા, પરેશભાઈ મહેતા, વિપુલભાઈ લીંબાચીયા સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પમાં કુલ ૮૦ દર્દીઓની આંખો તપાસવામાં આવી હતી, જેમાંથી ૨૮ દર્દીઓને વધુ સારવાર અને ઓપરેશન માટે રાજકોટ લઈ જવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન સંસ્થાના પ્રમુખ ઈતેશભાઈ મહેતાએ કર્યું હતું.



# અમરેલીના વડેરા ખાતે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૨૮

જનતા વિદ્યાલય-વડેરા ખાતે ધોરણ-૯ અને બાલવાટિકાના બાળકોનો પ્રવેશ ઉત્સવ યોજાયો હતો. આ શુભ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યાના હસ્તે વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયો હતો. આ કાર્યક્રમમાં ગામના સરપંચ ભરતભાઈ હપાણી, શાળાના આચાર્ય મુકુંદભાઈ મહેતા, કમલેશભાઈ દેથલિયા, રાજુભાઈ નાકરાણી, પ્રફુલભાઈ માંગરોલિયા, ઉપસરપંચ વિજયભાઈ, નરેશભાઈ સોજીત્રા, નિતિનભાઈ જાની, SMC કમિટીના સભ્યો, વાલીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ડીડીઓએ શાળાની શૈક્ષણિક અને સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓની સુંદર કામગીરી બદલ શિક્ષકો અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે બાળકોને અત્યારથી જ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે સુંદર માર્ગદર્શન આપ્યું હતું અને શાળાના બોર્ડના ઉત્કૃષ્ટ પરિણામ બદલ સંતોષ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે સરપંચ દ્વારા ગામમાં ૧૫૦૦ વૃક્ષો વાવવાનો સંકલ્પ પણ જાહેર કરાયો હતો.



Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




# જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને માર્ગ સલામતીની બેઠક યોજાઈ

અમરેલી,તા.૨૮

અમરેલી જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કલેકટરે માર્ગ સલામતીની કામગીરીની સમીક્ષા કરતા વાહનચાલકોની સલામતી માટે સંબંધિત અધિકારીઓને જરુરી દિશાનિર્દેશ આપ્યા હતા. અમરેલી જિલ્લા સેવા સદન કલેકટર કચેરી ખાતે યોજાયેલ આ બેઠકમાં જિલ્લા કલેકટરે, વાહનચાલકોની સલામતી માટે અમરેલી જિલ્લાના વિવિધ રસ્તા પર આવશ્યકતા મુજબ જરુરી સૂચનાઓ સાથેના સાઈન બોર્ડ, સ્પીડ બ્રેકર, સ્પીડ લિમિટ દર્શાવતા બોર્ડ, રેડિયમ, માર્કિંગ પટ્ટા, બેરિયર લગાવવા સહિતની સૂચના આપી હતી. જિલ્લામાં વિવિધ સ્થળોએ પસાર થતા માર્ગો પર આવેલી શાળાઓ પર તકેદારીના ભાગરૂપે શાળાના નિશાન દર્શાવતા બોર્ડ મૂકવામાં આવી રહ્યા છે. આ કામગીરીને બનતી ત્વરાએ પૂર્ણ કરવા માટે જિલ્લા કલેકટરે દિશાનિર્દેશ આપ્યા હતા. જિલ્લામાં થતા અકસ્માતોના અહેવાલમાં અકસ્માત રોડ એન્જિનિયરિંગની સમસ્યાના લીધે થયો છે કે ચાલકની ભૂલના કારણે તેનું માર્ગની તપાસણી કરી અને કાળજીપૂર્વક વિશ્લેષણ કરવા માટે જિલ્લા કલેકટરે સૂચન કર્યું હતું.

# લાઠીના શાખપુરમાં રૂ.૧.૬૦ કરોડના ખર્ચે નવનિર્મિત શાળાનું લોકાર્પણ કરાયું

## દામનગરમાં પણ રૂ.૪૫ લાખના વિકાસકામો ખુલ્લા મુકાયા

અમરેલી,તા.૨૮

લાઠી તાલુકાના શાખપુર ગામે આશરે રૂ.૧ કરોડ ૬૦ લાખના ખર્ચે નવનિર્મિત શાળાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ પણ યોજાયો, જેમાં સાંસદ ભરતભાઈ



સુતરીયા અને ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે ભૂલકાઓને શાળામાં પ્રવેશ અપાવવામાં આવ્યો હતો. શાખપુર ખાતે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ જણાવ્યું કે, શિક્ષણ એ સમાજના વિકાસનો પાયો છે અને રાજ્ય સરકાર બાળકોને ઉત્તમ શિક્ષણ મળે તે માટે કટિબદ્ધ છે. તેમણે નવા ભવનના નિર્માણ બદલ ગ્રામજનોને અભિનંદન પાઠવ્યા હતા. દિવસે દામનગર ખાતે પણ શિક્ષણ ક્ષેત્રે મહત્વના વિકાસકાર્યોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. દામનગર પે. સેન્ટર શાળા નં. ૧ અને શાળા નં. ૨ માં પણ શાળા પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી થઈ, જ્યાં રૂપિયા ૪૫ લાખના વિવિધ વિકાસકામોનું લોકાર્પણ કરાયું હતું.

# અમરેલીથી ફતેપુર (ભોજલધામ) જતા રોડ પર માથું ફાડી નાખે તેવી ગંદકીથી શ્રધ્ધાળુઓમાં રોષ

અમરેલી,તા.૨૮

અમરેલીથી ફતેપુર (ભોજલધામ) જતા રોડ પર ગંદકીનું સામ્રાજ્ય જોઈને લોકો તંત્ર સામે ફીટકાર વરસાવી રહ્યાં છે. અમરેલી શહેરનો તમામ કચરો આ પવિત્ર યાત્રાધામ ભોજલધામની બાજુમાં ઠાલવવામાં આવે છે, જેના કારણે લોકોને ત્યાંથી પસાર થવું પણ મુશ્કેલ બની ગયું છે. આ ગંદકી અમરેલી



તંત્રની બેદરકારીનો નમૂનો દેખાઈ રહ્યો છે.

જ્યાં એક તરફ સરકાર વિકાસના મોટા મોટા દાવાઓ કરે છે, ત્યારે બીજી તરફ યાત્રાધામ નજીક આવી ભયાવહ ગંદકી જોવા મળે તે કેવો વિકાસ ? અમરેલીના ધારાસભ્ય, સંસદ સભ્ય, સ્થાનિક તાલુકા અને જિલ્લા પંચાયતના સભ્યો પણ ગંદકી દૂર કરવા માટે કોઈ નક્કર કામગીરી કરતા નથી. આગેવાનો ફક્ત ફોટો સેશન કરાવી કામગીરીનો સંતોષ માની રહ્યાં છે. ગંદકીને કારણે ભોજલધામ આવતા યાત્રિકો પણ તંત્ર સામે ફીટકાર વરસાવી રહ્યાં છે. ગંદકીના કારણે રોગચાળો ફાટી નીકળે તે પહેલા દૂર કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

# સાવરકુંડલામાં અષાઢી બીજનો મહોત્સવ સંપન્ન: હજારો ભાવિકો ભક્તિરસમાં તરબોળ

સાવરકુંડલા,તા.૨૮

સાવરકુંડલામાં ધર્મ અને ભક્તિના સંગમ સમા અષાઢી બીજના પર્વ નિમિત્તે મહોત્સવ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થયો હતો. બાબા રામદેવ



તસવીર : સૌરભ દોશી

યુવક મંડળ દ્વારા આયોજિત આ અષાઢી બીજ ઉત્સવમાં હજારોની સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. રામદેવપીર મંદિરે યોજાયેલા આ ભવ્ય ઉત્સવમાં અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. આ ઉજવણીના ભાગરૂપે રામામંડળનું ભવ્ય આખ્યાન યોજાયું હતું, જેમાં કલાકારોએ જીવંત પાત્રો દ્વારા ધાર્મિક પ્રસંગોને રજૂ કરી ભાવિકોને મંત્રમુગ્ધ કર્યા હતા. આ ઉપરાંત, ભવ્ય શોભાયાત્રા પણ નીકળી હતી.

# અમરેલી જિલ્લા મ.સ.બેન્ક-ચલાલા શાખાની સરાહનીય કામગીરી, મૃતકના વારસદારને વીમાની રકમ અપાવી

અમરેલી, તા.૨૮

અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિમિટેડની ચલાલા શાખાએ એક સરાહનીય કામગીરી કરીને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. બેંકના કર્મચારીઓની સક્રિયતા અને મદદરૂપ વલણને કારણે, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના હેઠળ એક મૃતક ખાતાધારકના પરિવારને સમયસર રૂ.૨,૦૦,૦૦૦ની વીમા રકમ મળી શકી છે. પ્રાપ્ત વિગત અનુસાર, ચલાલા શાખાના એકાઉન્ટ ધારક સ્વ. સુરેશભાઈ કનુભાઈ મકવાણા પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજનામાં જોડાયેલા હતા. જોકે, તેમના પરિવારને આ વીમા યોજના અંગે કોઈ જાણકારી ન હતી. સ્વ. સુરેશભાઈના અવસાનની જાણ ચલાલા શાખાના બ્રાન્ચ મેનેજર એસ.એ. સભાયાને થતા, તેઓએ તાત્કાલિક પરિવારનો સંપર્ક કર્યો અને વીમા અંગેની તમામ માહિતી પૂરી પાડી. અનિલ સુરેશભાઈ મકવાણા (મૃતકના પુત્ર) દ્વારા જણાવવામાં આવ્યું કે, બ્રાન્ચ મેનેજર એસ.એ. સભાયાએ ૨૦ જૂન, ૨૦૨૫ના રોજ અરજી મેળવી અને વીમો અપાવવા માટેની તમામ પ્રક્રિયા પરિવારને સાથે રાખીને પૂર્ણ કરી. જેના પરિણામે, માત્ર પાંચ દિવસમાં, એટલે કે ૨૫ જૂન, ૨૦૨૫ના રોજ, અનિલ સુરેશભાઈ મકવાણાના બચત ખાતામાં રૂ.૨,૦૦,૦૦૦ની રકમ જમા થઈ ગઈ હતી. આ સરાહનીય કામગીરી બદલ અનિલ સુરેશભાઈ મકવાણાએ બેંકના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, બેંકના જનરલ મેનેજર (CEO) બી.એસ. કોઠીયા તેમજ ચલાલા શાખાના કર્મચારીઓએ સરાહનીય કાર્ય કર્યુ હતુ.

# સાવરકુંડલાની કે.કે.હાઈસ્કૂલમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો



સાવરકુંડલા, તા. ૨૮

સાવરકુંડલાની કે.કે. હાઈસ્કૂલમાં ધોરણ ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ માટે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાયો હતો. કાર્યક્રમનું અધ્યક્ષ સ્થાન જીતુભાઈ કાછડીયા( સા.કુ. તા.પં. પ્રમુખ) એ શોભાવ્યું હતું. કાર્યક્રમમાં મહેમાનોના વરદ હસ્તે વર્ષ ૨૦૨૫-૨૬ માં ધોરણ ૯ અને ૧૧ માં નવો પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટની ભેટ આપવામાં આવી હતી.

# બાબરાની અમરાપરા બ્રાન્ચ શાળામાં શાળા પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી

બાબરા, તા.૨૮

બાબરા તાલુકાની અમરાપરા બ્રાન્ચ શાળામાં મામલતદાર સુમરાના અધ્યક્ષસ્થાને શાળા પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે બાળકોને ઉત્સાહભેર શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે જિલ્લા ભાજપના મહામંત્રી ભૂપેન્દ્રભાઈ બસીયા,



તસવીર : દિપક કનૈયા

અગ્રણી ઉદ્યોગપતિ શૌકતભાઈ ગાંગાણી સહિત સી.આર.સી. કો-ઓર્ડિનેટર અને શાળાના શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતા. શાળા પ્રવેશોત્સવ દરમિયાન વિદ્યાર્થીઓના વાલીઓ, શિક્ષકો અને અગ્રણીઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. પ્રવેશોત્સવમાં પ્રવેશ મેળવનાર તમામ બાળકો પોતાની શાળાનું નામ રોશન કરે અને ભવિષ્યમાં ભારતનું નામ પણ ઉજ્જવળ બનાવે તેવી શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. આચાર્ય નીતાબેન મકવાણા અને શાળાના સ્ટાફે આ ભવ્ય કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.

# જિલ્લામાં બે લોકોનું ઝેરી દવા, પરિણીતાનું એસિડ પીવાથી મોત

## ચલાલામાં પુત્રીએ પ્રેમસંબંધમાં કોર્ટ મેરેજ કરતાં માતાએ ફિનાઈલ પીધું

અમરેલી, તા.૨૮

અમરેલી જિલ્લામાં વધુ ત્રણ અપમૃત્યુના બનાવ પોલીસ ચોપડે નોંધાયા હતા. સાવરકુંડલામાં રહેતા ભરતભાઈ કાળુભાઈ ચલ્લા (ઉ.વ.૨૫) એ જાહેર કર્યા મુજબ, સંજયભાઈ કાળુભાઈ ચલ્લાને ઘરમાં સામાન્ય બોલાચાલી થઈ હતી. જેથી તેમને મનમાં લાગી આવતાં પોતાની મેળે ઝેરી દવા પી લેતા સારવાર દરમિયાન મરણ પામ્યા હતા. રાજુલામાં રહેતા રાજેશભાઈ ઉર્ફે રાજુભાઈ મનસુખભાઈ મહેતા (ઉ.વ.૪૦)એ જાહેર કર્યા મુજબ, તેમના પત્ની કુંદનબેન રાજેશભાઈ મહેતા (ઉ.વ.૫૨) એ એસિડ પી લેતા સારવાર અર્થે ખસેડાયા હતા. આ દરમિયાન તેમનું મોત થયું હતું. ત્રીજા બનાવમાં સાવરકુંડલામાં રહેતા ભુપતભાઈ નાનજીભાઈ સુરાચંદા (ઉ.વ.૪૩)એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી આરતીબેન (ઉ.વ.૨૧)એ અગમ્ય કારણોસર પોતાની મેળે ઝેરી દવા પી લેતાં મરણ પામી હતી. આ સિવાય ચલાલામાં એક પુત્રીએ પરિવારજનોની ઉપરવટ જઈ પ્રેમ સંબંધમાં કોર્ટ મેરેજ કરી લેતાં માતાને મનમાં લાગી આવતાં પોતાની મેળે ફિનાઈલ પીધું હતું. અમરેલી જિલ્લામાં એક સાથે અપમૃત્યુના ત્રણ બનાવ બનતા અરેરાટી પ્રસરી જવા પામી હતી.


**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૧૫૭/૨૦૨૫

અરજદાર : શ્રી શંકરભાઈ બાવભાઈ બારૈયા

સરનામુ : મું.પરશુરામ સોસાયટી, જાફરાબાદ તા.જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને ચીફ ઓફીસરશ્રી - જાફરાબાદ નગરપાલિકા મું.જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી શંકરભાઈ બાવભાઈ બારૈયા** એ તેમના **માતા નામે સ્વ.શ્રી બાવભાઈ લાલભાઈ બારૈયા નું મરણ** તા.૦૮/૦૪/૨૦૦૪ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી બી.એલ.મહિડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૬ માહે. જુન સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૬/૦૬/૨૦૨૫

(કોર્ટનો સિક્કો)

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ


# પીએમશ્રી મદદ શ્રી ઈશ્વરીયા પ્રાથમિક શાળામાં બાળકોનો પ્રવેશોત્સવ યોજાયો

અમરેલી, તા. ૨૮

પીએમશ્રી મદદ શ્રી ઈશ્વરીયા પ્રાથમિક શાળામાં તાલુકા વિકાસ અધિકારી જે.સી. કટેશીયાની અધ્યક્ષતામાં શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ ધોરણ ૬ થી ૮ ની બાળાઓ દ્વારા સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું હતું. આંગણવાડી, બાલવાટિકા અને ધોરણ ૧ ના નાના ભૂલકાઓને



પધારેલા મહેમાનોના વરદ હસ્તે શૈક્ષણિક કીટ આપી પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. તાલુકા વિકાસ અધિકારીએ પ્રસંગને અનુરૂપ વક્તવ્ય આપ્યું હતું અને વિદ્યાર્થીઓને શુભકામના પાઠવી હતી. ત્યારબાદ ધોરણ ૩ થી ૮ માં પ્રથમ આવેલ બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમને અંતે આભાર વિધિ શાળાના આચાર્ય પરેશભાઈ ગાંગડીયા દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં નાયબ તાલુકા વિકાસ અધિકારી સોલંકી, પૂર્વ તાલુકા પ્રમુખ વનરાજભાઈ કોઠીવાળ, લાયઝન નિકુલભાઈ મહેતા, ગામના ઉપસરપંચ બાબુભાઈ વામજા, મોટા બાની વાડીના પ્રમુખ રતિલાલ વામજા, ગામના તલાટી મંત્રી પાર્થિવભાઈ જોશી, એસ.એમ.સી.ના તમામ સભ્યો અને બહોળી સંખ્યામાં વાલીઓ હાજર રહ્યા હતા.


અમરેલીના અતિ વિકસિત એવા ૪-લેન લીલીયા રોડ ઉપર

ફક્ત ૩૫ મકાનની પેક સોસાયટી



3BHK બંગલો
સેમ્પલ હાઉસ તૈયાર છે.

રાધેશ્યામ નગરી
સિમંધર સોસાયટીની બાજુમાં, લીલીયા રોડ, અમરેલી

રૂા.૧,૮૦,૦૦૦/- ની સબસીડી મળવાપાત્ર

ઉપલબ્ધ સુવિધાઓ

● પાણી, સ્ટ્રીટલાઈટ, ડ્રેનેજ તથા ૨૫-ફુટનો ઈન્ટરનલ રોડની ઉતમ સુવિધા સાથે ● સ્ટાન્ડર્ડ કંપનીના પાઈપ ફીટીંગ તથા મોડયુલર સ્વીચ બોર્ડ અને ઈલેકટ્રીક વાયરીંગ ● ટાઈટલ કલીયર અને લોનેબલ ● SBI અને બેંક ઓફ બરોડાની લોન મળવાપાત્ર

સંપર્ક: મો. ૭૦૧૬૨ ૩૦૦૨૧, ૯૭૨૩૦ ૭૪૦૮૯



નિત્યા સ્કીન કિલનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર

ઉપલબ્ધ સારવાર

- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

ડો. જુહી ઠક્કર
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત

કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ

ઉપલબ્ધ સારવાર

- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફ્રેકચર તથા એકસીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પધ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે કલાસ 100 મોડયુલર ઓપરેશન થીયેટર

ડો. પ્રતિક પ્રજાપતિ
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન

કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# લાઠીના તાજપર ગામે રૂ.૪૦ લાખના ખર્ચે નવનિર્મિત શાળા બિલ્ડિંગનું લોકાર્પણ : પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી

લાઠી, તા.૨૮

લાઠી તાલુકાના તાજપર ગામે શનિવારે ભવ્ય શાળા પ્રવેશોત્સવ અને આધુનિક સુવિધાઓથી સજ્જ નવનિર્મિત શાળાના ઓરડાઓના લોકાર્પણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદ ભરતભાઈ સુતરીયા અને ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે શાળાનું



લોકાર્પણ કરવામાં આવ્યું હતું. તાજપર ગામમાં શિક્ષણના સ્તરને ઉંચે લાવવાના પ્રયાસરૂપે રૂપિયા ૪૦ લાખના માતબર ખર્ચે શાળાના નવા ઓરડાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ આ પ્રસંગે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે, શિક્ષણ એ સમાજના વિકાસનો પાયો છે. તાજપર ગામમાં આ નવી શાળાના નિર્માણથી બાળકોને ઉત્તમ શૈક્ષણિક વાતાવરણ મળશે, જે તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે અત્યંત મહત્વપૂર્ણ છે. તેમણે ઉપસ્થિત વાલીઓને પણ પોતાના બાળકોને નિયમિતપણે શાળાએ મોકલવા અને શિક્ષણનું મહત્વ સમજાવવા આહ્‌વાન કર્યું હતું.

# અમરેલીમાં વાડીએ રહેતી પરિણીતાને માર માર્યા બાદ તેડવા આવેલા પિતા-ભાઈને પણ ઢીબી નાખ્યા

**પરિણીતાએ પતિ સહિત છ ઈસમો સામે સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા.૨૮

અમરેલી લાઠી રોડ લાલાવાવ હનુમાજી મંદિરથી અંદરના ભાગે વાડીએ રહેતી એક પરિણીતાએ તેના પિતાને ફોન કરવા માટે પતિ પાસે ફોન માંગ્યો હતો. જેથી પતિએ ફોન આપવાની ના પાડી માથાકૂટ કરીને ઢીકાપાટુ માર્યા હતા. જે બાદ તેના માતા-પિતા, ભાઈ તેડવા આવ્યા ત્યારે તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો. બનાવ અંગે દયાબેન પંકજભાઈ વાઘેલા (ઉ.વ.૨૨)એ પતિ પંકજભાઈ દુલભભાઈ વાઘેલા, કેતનભાઈ મનસુખભાઈ વાઘેલા, વિમબેન દુલભભાઈ વાઘેલા, દુલભભાઈ વાઘેલા, પીયુષભાઈ મનસુખભાઈ વાઘેલા તથા જગદીશભાઈ દુલભભાઈ વાઘેલા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમણે તેના પિતાને ફોન કરવા માટે પતિ પાસે ફોન માંગ્યો હતો. પતિએ ફોન આપવાની ના પાડી માથાકૂટ કરીને ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. જે અંગે તેમણે તેના પિતાને જાણ કરી હતી. જેથી માતા-પિતા તથા ભાઈ તેને તેડવા આવ્યા હતા. આ સમયે આરોપીઓએ તેમના ભાઈને પકડી રાખ્યો હતો તથા તેના પિતાને પણ પકડીને ઢીકાપાટુનો માર મારીને ઈજા પહોંચાડી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ ડી.વી. સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાના વિદ્યાર્થીને 'ઈન્સ્ટાગ્રામમાં કેમ ગાળો આપે છે' કહીને ફટકાર્યો

રાજુલા, તા. ૨૮

રાજુલામાં રહેતા એક વિદ્યાર્થીને 'ઈન્સ્ટાગ્રામમાં કેમ ગાળો આપે છે' તેમ કહીને ફટકારવામાં આવ્યો હતો. બનાવ અંગે સોહમભાઈ નવનીતભાઈ પરમાર (ઉ.વ.૧૯) એ રાજુલામાં રહેતા અક્ષયભાઈ રાજુભાઈ ભરાડ, જૈમીનભાઈ મહેતા, હર્ષદભાઈ, રાજભાઈ સહિત બે અજાણ્યા લોકો સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમને અક્ષયભાઈ ભરાડ સાથે માથાકૂટ થઈ હતી. તેનું સમાધાન કરાવવાનું કહીને રાજમંદિર નામની હોટલે લઈ ગયા હતા. જ્યાં તેમને 'અક્ષયને ઈન્સ્ટાગ્રામમાં કેમ ગાળો આપે છે' તેમ કહી ઝઘડો કરી લાકડી વડે બંને હાથમાં મુંઢમાર માર્યો હતો. જેથી તેમણે તેના માતા-પિતાને ફોન કરીને બોલાવતાં જેમ ફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.વી. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારીના કોટડા ગામે રહેતી પરિણીતાને સાસરીયાઓનો ત્રાસ, છૂટાછેડાની ધમકી આપી ઢોરમાર માર્યો

ધારી, તા.૨૮

અમરેલી જિલ્લામાં પરિણીતાઓ પર અત્યાચાર સતત વધી રહ્યા છે. ધારી તાલુકાના કોટડા ગામે પરિણીતાને 'તું આખો દિવસ ઘરમાં બેઠી રહે છે, તું કંઈ કામ કરતી નથી. મારે તને નથી જોઈતી, તારી સાથે છૂટાછેડા લેવા છે' તેમ કહી ગાળો આપી ઢીકાપાટુ માર્યા હતા. તેમજ જાનથી મારવાની ધમકી આપી હતી. ચક્કરગઢ ગામે રહેતી હેતલબેન ભરતભાઈ જાદવ (ઉ.વ.૨૮)એ સતીશભાઈ કેશુભાઈ મકવાણા, ભાવનાબેન કેશુભાઈ મકવાણા, ભનુભાઈ શામજીભાઈ મકવાણા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ કોટડા ગામે સાસરે તેના પતિના ઘરે હતા ત્યારે સતીશભાઈ કેશુભાઈ મકવાણાએ તેમને 'તું કંઈ કામ કરતી નથી, આખો દિવસ ઘરમાં બેઠી રહે છે. મારે તને નથી જોઈતી, તારી સાથે છૂટાછેડા લેવા છે અને મારા વિશે તારા માતા-પિતાને કોઈ વાત કરતી નહીં' તેમ કહી ગાળો આપી શરીરે ઢીકાપાટુ માર્યા હતા. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. એચ. વાઘ વધુ તપાસ કરી રહ્યા છે.

**તું આખો દિવસ બેસી રહે છે અને કંઈ કામ કરતી નથી તેમ પણ કહ્યું**

# રાજુલા તાલુકાના જાપોદર ગામે ગાળો બોલવાની ના પાડતા છરીના ઘા ઝીંકયા

**જાનથી મારી નાખવાની પણ ધમકી આપવામાં આવતા પોલીસ ફરિયાદ**

રાજુલા, તા.૨૮

રાજુલાના જાપોદર ગામે રહેતા એક યુવકે ગાળો આપવાની ના પાડતાં છરીના ઘા મારવામાં આવ્યા હતા. બનાવ અંગે મેહુલભાઈ દિનેશભાઈ ચૌહાણ (ઉ.વ.૨૫)એ મહેશભાઈ મનુભાઈ ધાખડા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ રાજુલાથી તેમના ઘરે આવ્યા ત્યારે આરોપી તેમના પરિવારના સભ્યોને જેમ ફાવે તેમ ગાળો આપતા હતા. જેથી તેમણે ગાળો આપવાની ના પાડતાં ઉશ્કેરાઈને ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. ઉપરાંત તેમની પાસે રહેલી છરીનો એક ઘા માર્યો હતો. તેમજ જતા જતા જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.બી. સિંધવ આ બનાવની વધુ તપાસ કરી રહ્યા છે.

# જોલાપુરમાં બાળકોને શણગારેલા ગાડામાં લાવી શાળા પ્રવેશોત્સવ કરાયો

અમરેલી, તા.૨૮

જોલાપુરમાં ધારાસભ્ય હીરાભાઈ સોલંકીની ઉપસ્થિતિમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ તકે શણગારેલા ગાડામાં લોકપ્રતિનિધિ અને આંગણવાડી-બાલવાટિકામાં પ્રવેશ પામતા બાળકોએ એક સાથે શાળા સુધી સવારી કરી હતી. ધારાસભ્યએ તેમનો શાળામાં પ્રવેશ કરાવ્યો હતો. આ તકે



ગામ પરિવાર તરફથી બાળકોને શૈક્ષણિક કીટ આપવામાં આવી હતી. શાળાની વિદ્યાર્થિનીઓ વાઘ હેતલ દેવાયતભાઈ દ્વારા 'ઓપરેશન સિંદૂર' અને વાઘ મૈત્રી ભગવાનભાઈ દ્વારા 'બેટી બચાવો-બેટી પઢાવો' વિશે વક્તવ્ય આપવામાં આવ્યું હતું. ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ નવી આંગણવાડીનું લોકાર્પણ કર્યું હતું.

# અમરેલી ફર્લો સ્કવોડે નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડ્યો

અમરેલી, તા.૨૮

અમરેલી પેરોલ ફર્લો સ્કવોડે અપહરણના ગુનામાં નાસતા ફરતા આરોપીને ઝડપ્યો હતો. અમરેલી એસપીએ નાસતા ફરતા આરોપી તેમજ ફરાર કેદીઓને પકડવા આપેલા માર્ગદર્શન અને સૂચના બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી. જે અંતર્ગત અમરેલી પેરોલ ફર્લો સ્કવોડ સાવરકુડલા રૂરલ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે, દાહોદના વરમખેડા પુજારા ફળીયુંમાં રહેતો મિથુન કિર્તન ઉર્ફે ટીટાભાઈ મેડા આદસંગ ચોકડી પાસે રોડ ઉપર આવેલ કંકેશ્વરી ડામર પ્લાન્ટ કારખાનામાં મજૂરી કરે છે. જે બાદ જરૂરી તપાસ કરતાં ભોગ બનનાર સાથે મળી આવ્યો હતો. આ કામગીરી એલસીબી પીઆઈ વી.એમ. કાલોદરા, અમરેલી પેરોલ ફર્લો સ્કવોડ પીએસઆઈ એન. જી. સાપરા સહિતનાઓ દ્વારા કરવામાં આવી હતી.

# લીલીયા કોલેજના પ્રોફેસર ડૉ. સુભાષ ઓડેદરાને ભાવભીનું વિદાયમાન

લીલીયા, તા.૨૮

લીલીયા મોટા સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજના પ્રોફેસર ડૉ. સુભાષ ઓડેદરા (એમ.એ., નેટ, સ્લેટ, પીએચ.ડી. સમાજશાસ્ત્ર)ની જી.પી.એસ.સી. વર્ગ ૨ની બદલી તેમના વતન રાણાવાવ ખાતે થતાં તેમને કોલેજ પરિવાર દ્વારા ભાવભીનું વિદાયમાન આપવામાં આવ્યું હતું. ડૉ. સુભાષભાઈ ઓડેદરા સાયબર ક્રાઈમ બ્રાન્ચ, ગુજરાતના



બહાદુર અને એક્સપર્ટ માનદ અધિકારી તરીકે પણ સેવા આપી ચૂક્યા છે. પોલીસ અધિકારીમાંથી પ્રોફેસર બની શિક્ષણ પ્રહરી બનેલા આ કર્મનિષ્ઠ અધ્યાપક, સામાજિક સંશોધક અને યુવા સમાજશાસ્ત્રીએ લીલીયા કોલેજમાં વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફ સાથે એક પરિવારના સભ્ય જેવો ગાઢ નાતો કેળવ્યો હતો. આવા કર્મનિષ્ઠ શિક્ષકની વિદાય થતા કોલેજ સ્ટાફ પરિવારની આંખો ભીની થઈ હતી.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૫૦ | ૧૬૩૯ |
| ઘઉં લોકવન | ૪૯૮ | ૫૨૭ |
| ઘઉં ટુકડા | ૪૯૬ | ૫૯૨ |
| જુવાર સફેદ | ૬૦૦ | ૮૨૫ |
| જુવાર લાલ | ૭૦૦ | ૮૨૫ |
| જુવાર પીળી | ૪૦૦ | ૪૭૧ |
| બાજરી | ૩૭૮ | ૪૪૦ |
| તુવેર | ૧૦૮૦ | ૧૩૧૩ |
| ચણા પીળા | ૯૫૦ | ૧૧૧૮ |
| ચણા સફેદ | ૧૩૦૦ | ૧૯૬૦ |
| અડદ | ૧૧૮૧ | ૧૪૧૬ |
| મગ | ૧૩૨૦ | ૧૬૧૬ |
| વાલ દેશી | ૬૦૦ | ૧૧૯૫ |
| ચોળી | ૧૩૦૦ | ૨૦૦૦ |
| મઠ | ૧૧૮૦ | ૧૯૫૦ |
| વટાણા | ૧૦૩૪ | ૨૧૫૦ |
| કળથી | ૭૨૫ | ૮૪૫ |
| રાજમા | ૧૦૦૦ | ૧૫૫૦ |
| સીંગદાણા | ૧૩૫૦ | ૧૫૧૫ |
| મગફળી જાડી | ૯૫૦ | ૧૧૩૫ |
| મગફળી જીણી | ૯૭૦ | ૧૧૭૦ |
| અળશી | ૧૧૬૦ | ૧૩૫૦ |
| તલી | ૧૩૦૦ | ૨૦૭૫ |
| એરંડા | ૧૨૫૦ | ૧૩૨૧ |
| અજમો | ૭૪૦ | ૭૪૦ |
| સુવા | ૧૦૬૦ | ૧૪૨૫ |
| સોયાબીન | ૭૫૦ | ૮૨૯ |
| સીંગફાડા | ૧૦૪૦ | ૧૩૪૦ |
| કાળા તલ | ૨૭૦૦ | ૩૪૦૦ |
| લસણ | ૮૦૫ | ૧૪૫૪ |
| ધાણા | ૧૧૦૫ | ૧૩૭૩ |
| ધાણી | ૧૧૨૫ | ૧૩૯૮ |
| વરીયાળી | ૭૫૧ | ૧૨૭૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૯૦૦ |
| રાય | ૧૧૫૦ | ૧૪૦૦ |
| મેથી | ૮૨૦ | ૧૩૦૦ |
| અશેરીયો | ૭૨૦ | ૧૨૨૦ |
| કલોંજી | ૨૯૫૧ | ૩૮૮૧ |
| રાયડો | ૧૧૩૦ | ૧૨૨૫ |

| | | |
|---|---|---|
| રજકાનું બી | ૪૩૦૦ | ૫૧૫૦ |
| ગુવારનું બી | ૮૮૦ | ૯૮૦ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| કેરી કાચી | ૩૩૦ | ૫૫૦ |
| લીંબુ | ૧૫૦ | ૭૫૦ |
| બટેટા | ૧૮૦ | ૩૭૧ |
| ડુંગળી સુકી | ૧૧૫ | ૩૩૧ |
| ટમેટા | ૫૦૦ | ૯૦૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| કોથમરી | ૯૦૦ | ૧૪૦૦ |
| રીંગણા | ૪૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૩૪૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૨૦૦૦ |
| ચોળાસીંગ | ૧૫૦૦ | ૧૯૫૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૧૦૦૦ |
| દુધી | ૨૦૦ | ૪૦૦ |
| કારેલા | ૪૫૦ | ૮૦૦ |
| સરગવો | ૧૦૦ | ૧૦૫૦ |
| તુરીયા | ૯૦૦ | ૧૨૦૦ |
| પરવર | ૫૦૦ | ૮૦૦ |
| કાકડી | ૮૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૫૦૦ | ૭૦૦ |
| ગલકા | ૪૦૦ | ૯૦૦ |
| બીટ | ૩૦૦ | ૫૦૦ |
| મેથી | ૧૬૦૦ | ૨૦૦૦ |
| ડુંગળી લીલી | ૮૦૦ | ૧૨૦૦ |
| આદુ | ૭૦૦ | ૯૦૦ |
| મરચા લીલા | ૮૦૦ | ૧૨૦૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૩૬૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૧૦ | ૩૧૦ |
| રીંગણાં | ૧૨૦૦ | ૧૩૫૦ |
| ફુલાવર | ૬૦૦ | ૭૩૦ |
| કોબીજ | ૨૫૦ | ૩૧૦ |
| શક્કરિયા | ૭૦૦ | ૮૫૦ |
| ટામેટા | ૫૦૦ | ૭૦૦ |
| સુરણ | ૧૨૫૦ | ૧૪૦૦ |
| ગાજર | ૭૩૦ | ૮૦૦ |

| | | |
|---|---|---|
| દૂધી | ૬૦૦ | ૮૦૦ |
| કરેલા | ૮૦૦ | ૯૦૦ |
| ગલકા | ૮૦૦ | ૯૩૦ |
| કાકડી | ૫૫૦ | ૬૫૦ |
| ગુવાર | ૧૫૦૦ | ૧૬૦૦ |
| વટાણા | ૧૮૦૦ | ૨૦૦૦ |
| તુરીયા | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ભીંડો | ૯૦૦ | ૧૦૦૦ |
| આદુ | ૬૦૦ | ૮૦૦ |
| કોથમીર | ૮૦૦ | ૧૦૦૦ |
| મેથીભાજી | ૧૪૫૦ | ૧૬૦૦ |
| ફુદીનો | ૬૦૦ | ૭૦૦ |
| ટીંડોરા | ૭૦૦ | ૮૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| સરગવો | ૮૦૦ | ૯૦૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૧૨૦ |
| મરચા લીલા | ૯૦૦ | ૧૨૫૦ |
| ડુંગળી સૂકી | ૧૧૦ | ૩૦૦ |
| લસણ સૂકું | ૧૫૦૦ | ૨૦૦૦ |
| લીંબુ | ૧૬૦૦ | ૧૮૦૦ |
| પાલક | ૧૨૦૦ | ૧૩૦૦ |
| શીંગ ચોળા | ૭૦૦ | ૮૦૦ |
| મકાઈ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૦૨૦ | ૧૧૩૫ |
| શિંગ મોટી | ૮૦૦ | ૧૧૬૧ |
| શિંગ દાણા | ૧૩૩૧ | ૧૪૮૪ |
| તલ સફેદ | ૧૧૦૦ | ૨૨૦૦ |
| તલ કાળા | ૨૧૩૦ | ૩૪૧૫ |
| તલ કાશ્મીરી | ૧૧૦૦ | ૨૩૦૦ |
| બાજરો | ૩૬૧ | ૪૭૫ |
| જુવાર | ૭૨૦ | ૭૨૦ |
| ઘઉં ટુકડા | ૪૪૮ | ૫૪૭ |
| ઘઉં લોકવન | ૪૨૨ | ૫૫૦ |
| મગ | ૧૦૫૦ | ૧૪૧૪ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૦૮ |
| તુવેર | ૯૦૦ | ૯૦૦ |
| કપાસ | ૮૩૫ | ૧૬૭૯ |
| એરંડા | ૧૧૫૨ | ૧૨૯૦ |
| ધાણા | ૧૦૩૦ | ૧૩૦૦ |

| | | |
|---|---|---|
| સોયાબીન | ૭૭૪ | ૭૯૭ |
| સફેદ ચણા | ૯૫૫ | ૧૦૯૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૫૪૦ | ૧૬૩૪ |
| કપાસ મીડીયમ | ૧૩૨૦ | ૧૫૪૦ |
| મગફળી | ૯૮૫ | ૧૦૭૫ |
| જીરૂ | ૨૮૭૦ | ૩૬૫૦ |
| ઘઉં | ૪૭૫ | ૫૨૫ |
| તલ સફેદ | ૧૫૧૦ | ૨૦૦૦ |
| તલ કાળા | ૨૭૦૫ | ૨૭૦૫ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૧૦ | ૧૦૭૦ |
| શીંગ મોટી | ૧૦૩૫ | ૧૧૧૧ |
| તલ સફેદ | ૧૫૧૦ | ૨૦૬૦ |
| તલ કાળા | ૨૫૨૫ | ૩૩૭૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૫૨૦ |
| કપાસ | ૧૩૦૦ | ૧૫૯૦ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૧૧ |
| બાજરો | ૩૦૦ | ૪૯૦ |
| મગ | ૧૨૦૦ | ૧૪૨૫ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૨૨ |
| તુવેર | ૯૦૦ | ૧૨૦૦ |
| ધાણા | ૯૦૦ | --- |
| **ધારી** | | |
| ઘઉં | ૫૦૬ | ૫૦૬ |
| સફેદ ચણા | ૧૧૫૧ | ૧૧૫૧ |
| મગ | ૧૧૭૫ | ૧૧૭૫ |
| સફેદ તલ | ૧૫૦૦ | ૧૮૫૦ |
| કાળા તલ | ૩૦૦૦ | ૩૦૦૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૦૦ |
| ધાણા | ૧૨૫૦ | ૧૨૫૦ |
| શીંગ ફાડા | ૧૧૨૫ | ૧૧૨૫ |
| બાજરો | ૪૬૧ | ૪૬૧ |
| જુવાર | ૫૪૫ | ૫૪૫ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૦૦ | ૧૦૬૪ |
| ઘઉં | ૪૬૦ | ૫૩૧ |
| રાયડો | ૧૦૫૦ | ૧૧૭૨ |
| જુવાર | ૪૩૦ | ૭૯૨ |

| | | |
|---|---|---|
| જુવાર | ૪૩૦ | ૭૯૨ |
| ચોળી | ૭૫૦ | ૧૭૫૦ |
| અડદ | ૧૦૫૦ | ૧૪૧૭ |
| મગ | ૯૬૦ | ૧૭૦૪ |
| એરંડી | ૧૧૫૦ | ૧૨૭૫ |
| ચણા | ૧૦૨૧ | ૧૦૯૫ |
| સફેદ તલ | ૧૦૦૦ | ૧૮૭૫ |
| કાળા તલ | ૨૨૦૦ | ૩૨૯૮ |
| સોયાબીન | ૭૮૬ | ૮૨૪ |
| શીંગદાણા | ૧૩૦૦ | ૧૫૯૫ |
| કાંગ | ૩૫૦ | ૪૪૪ |
| બાજરી હા. | ૨૫૦ | ૫૦૨ |
| **મહુવા** | | |
| શીંગ નવી | ૧૦૭૧ | ૧૩૧૪ |
| શીંગ ૩૯ | ૮૭૬ | ૧૦૧૪ |
| શીંગ ૩૨ | ૧૦૨૬ | ૧૦૬૮ |
| શીંગ જી.૨૦ | ૮૫૭ | ૧૧૩૦ |
| એંરડા | ૧૨૧૦ | ૧૨૧૦ |
| જુવાર | ૩૧૧ | ૫૪૨ |
| બાજરી | ૨૪૧ | ૫૭૬ |
| ઘઉં ટુકડા | ૪૬૧ | ૬૦૦ |
| અડદ | ૯૧૧ | ૧૩૩૬ |
| મગ | ૭૩૫ | ૧૪૬૬ |
| સોયાબીન | ૭૫૪ | ૭૫૪ |
| મેથી | ૧૦૧૦ | ૧૦૧૨ |
| ચણા | ૧૦૮૧ | ૧૧૧૧ |
| તલ સફેદ | ૧૩૩૫ | ૧૯૯૩ |
| તલ કાળા | ૧૮૦૦ | ૩૧૭૨ |
| તુવેર | ૯૭૦ | ૧૦૭૫ |
| જીરૂ | ૩૪૦૦ | ૩૪૦૦ |
| ડુંગળી લાલ | ૧૦૪ | ૩૦૫ |
| ડુંગળી સફેદ | ૧૪૫ | ૨૬૮ |
| કપાસ શંકર | ૧૧૩૮ | ૧૫૨૦ |
| નાળીયેર | ૭૩૫ | ૨૬૦૫ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૦૦ | ૧૦૧૧ |
| તલ સફેદ | ૧૨૨૫ | ૧૭૮૧ |
| બાજરો | ૩૭૧ | ૪૫૫ |
| ઘઉં ટુકડા | ૪૮૫ | ૫૬૯ |
| જુવાર | ૩૭૧ | ૮૪૦ |

| | | |
|---|---|---|
| મગ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| તુવેર | ૯૨૫ | ૧૧૨૧ |
| ચણા | ૬૦૦ | ૧૦૯૫ |
| સોયાબીન | ૭૬૦ | ૮૨૫ |
| શીંગદાણા | ૧૨૫૦ | ૧૪૫૧ |
| અડદ | ૧૦૦૦ | ૧૩૭૧ |
| **બગસરા** | | |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૪૯૫ |
| ઘઉં ટુકડા | ૪૪૫ | ૫૧૧ |
| જુવાર | ૮૦૫ | ૮૦૫ |
| ચણા | ૯૩૫ | ૧૦૮૯ |
| ધાણા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| શીંગફાડા | ૧૩૦૦ | ૧૩૫૦ |
| મગફળી | ૯૨૫ | ૯૬૦ |
| તલ સફેદ | ૧૦૨૦ | ૨૦૫૧ |
| સોયાબીન | ૭૨૫ | ૮૧૧ |
| મગ | ૧૨૮૦ | ૧૪૪૦ |
| તુવેર | ૯૦૦ | ૧૧૦૦ |
| શીંગદાણા | ૧૨૦૦ | ૧૫૯૦ |
| એરંડી | ૧૨૩૦ | ૧૨૩૦ |
| મકાઈ | ૫૯૫ | ૫૯૫ |
| ચણા સફેદ | ૮૦૦ | ૧૧૫૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૫૯૫ | ૭૩૦ |
| બાજરો | ૩૫૦ | ૪૨૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૧૪ |
| મગ | ૧૨૦૦ | ૧૪૭૫ |
| અડદ | ૧૨૦૦ | ૧૪૬૦ |
| તુવેર | ૧૧૭૫ | ૧૨૪૦ |
| ચોળી | ૧૨૦૦ | ૧૬૨૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૪૧ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૧૯૫ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૨૧૦ |
| એરંડા | ૧૧૯૦ | ૧૩૦૦ |
| તલ | ૧૬૦૦ | ૧૯૧૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૩૨૦૦ |
| રાયડો | ૧૦૬૫ | ૧૧૬૫ |
| રાઈ | ૧૧૦૦ | ૧૨૯૫ |
| લસણ | ૬૦૦ | ૧૧૭૦ |
| કપાસ | ૧૨૫૦ | ૧૬૦૦ |

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૫૦૦ | ૩૮૧૫ |
| અજમો | ૧૦૦૦ | ૨૫૨૫ |
| ધાણા | ૯૨૦ | ૧૨૫૫ |
| ધાણી | ૧૦૦૦ | ૧૩૬૫ |
| ડુંગળી સૂકી | ૫૦ | ૩૦૦ |
| સોયાબીન | ૬૫૦ | ૭૮૫ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૦૨૧ | ૧૬૦૧ |
| ઘઉં લોકવન | ૪૭૨ | ૫૨૪ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૬૨ |
| મગફળી જીણી | ૮૧૧ | ૧૦૫૧ |
| સિંગદાણા જાડા | ૧૩૫૧ | ૧૮૩૧ |
| સિંગ ફાડીયા | ૯૫૧ | ૧૩૨૧ |
| એરંડા / એરંડી | ૧૧૭૬ | ૧૩૪૬ |
| તલ કાળા | ૧૮૨૬ | ૩૩૨૬ |
| જીરૂ | ૨૨૦૦ | ૪૦૩૧ |
| ક્લંજી | ૧૧૦૧ | ૪૦૫૧ |
| ધાણા | ૯૦૧ | ૧૪૩૧ |
| ડુંગળી લાલ | ૧૨૧ | ૩૮૬ |
| અડદ | ૯૫૧ | ૧૩૮૧ |
| તુવેર | ૬૨૬ | ૧૩૨૧ |
| રાય | ૧૦૯૧ | ૧૧૧૧ |
| મેથી | ૬૨૬ | ૯૧૧ |
| કાંગ | ૨૩૧ | ૬૨૧ |
| મગફળી જાડી | ૭૦૧ | ૧૧૯૧ |
| સફેદ ચણા | ૧૦૫૧ | ૧૮૧૧ |
| મગફળી નવી | ૮૦૧ | ૧૧૭૬ |
| તલ - તલી | ૧૫૫૧ | ૨૦૯૧ |
| ધાણી | ૧૦૦૧ | ૧૫૦૧ |
| ડુંગળી સફેદ | ૧૨૧ | ૨૮૬ |
| બાજરો | ૩૦૧ | ૪૧૧ |
| જુવાર | ૪૦૧ | ૮૫૧ |
| મકાઇ | ૫૦૧ | ૬૫૧ |
| મગ | ૧૨૫૦ | ૧૫૫૧ |
| ચણા | ૧૦૦૧ | ૧૧૧૧ |
| વાલ | ૫૦૧ | ૯૦૧ |
| ચોળા / ચોળી | ૧૦૦૧ | ૧૭૦૧ |
| સોયાબીન | ૭૨૧ | ૮૩૧ |
| ગોગળી | ૮૨૧ | ૧૦૪૧ |
| **ગોંડલ-શાકભાજી** | | |


| | | |
|---|---|---|
| ટમેટા | ૪૦૦ | ૮૦૦ |
| મરચા | ૪૦૦ | ૧૪૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૨૨૦૦ |
| કોબી | ૧૦૦ | ૫૦૦ |
| દુધી | ૨૦૦ | ૮૦૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૮૦૦ |
| કાકડી | ૨૦૦ | ૧૨૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૯૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૨૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૨૦૦ | ૭૦૦ |
| ટિંડોરા | ૫૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૨૦૦૦ | ૩૬૦૦ |
| કેરી કાચી | ૨૦૦ | ૮૦૦ |
| બટેટા | ૨૦૦ | ૩૨૦ |
| લીલી હળદર | ૨૦૦૦ | ૨૪૦૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૨૦ |
| તાંજરીયા પુરા | ૩ | ૮ |
| કોથમીર પુરા | ૪ | ૮ |
| કાચા કેળા | ૩૦૦ | ૫૦૦ |
| પચકારુ | ૩૦૦ | ૫૦૦ |
| ચૂરણ | ૧૬૦૦ | ૨૦૦૦ |
| ઢુંઢિઢ્ઢ | ૭૦૦ | ૮૦૦ |
| ઘીસોડા | ૫૦૦ | ૧૪૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૮૦૦ |
| મેથી પુરા | ૪ | ૨૦ |
| બીટ પુરા | ૧૦ | ૨૦ |
| સરગવો પુરા | ૧૦ | ૩૦ |
| ચોરા | ૪૦૦ | ૨૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૧૦૦ |
| મગફળી લીલી | ૮૦૦ | ૧૪૦૦ |
| કાચા પોપૈયા | ૧૬૦ | ૩૦૦ |
| આદુ | ૫૦૦ | ૧૦૦૦ |
| મકાઈ ડોડા | ૩૦૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૧૫ | ૩૦ |
| પાલક પુરા | ૩ | ૮ |



06
વાર્તા વિશ્વ : એક સચ એક જૂઠ

સંજોગ ન્યૂઝ
# રસધાર
રવિવાર
29 જૂન, 2025





06
સમરંગ: અવિરત અવિચલ તપ તમારે જે જોઈએ તે આપે છે

# શું કોઈ સરકાર ફરીથી કટોકટી લાદી શકે?



યુદ્ધની પરિસ્થિતિ હોય કે દેશની અંદર સશસ્ત્ર વિદ્રોહ થાય ત્યારે રાષ્ટ્રપતિ (એટલે કે તેમની પાસે વડાપ્રધાન) કટોકટી જાહેર કરી શકે. પરંતુ આજથી પચાસ વર્ષ પહેલાં, ઈન્દિરા ગાંધીએ પોતાની સત્તા જોખમમાં મૂકાતાં રાષ્ટ્રપતિ ફખરુદ્દીન અલી અહમદ પાસે ૨૫ જૂને અડધી રાત્રે કટોકટી જાહેર કરાવી હતી. આ ફખરુદ્દીન અલી અહમદને સંસદ ભવનની સામે આવેલી મસ્જિદમાં દફનાવવામાં આવ્યા છે ! (સંસદ ભવન પાસે મસ્જિદ, ગુરુદ્વારા અને ચર્ચ ત્રણેય છે. સુરક્ષાની દષ્ટિએ જોખમી ન ગણાય?)

કટોકટીની ભૂમિકા ઈન્દિરા ગાંધીએ પોતે જ સર્જી હતી. એટલે કે મોંઘવારી, ભ્રષ્ટાચાર, દુષ્કાળ, ક્રુડ ઑઈલની અછત વગેરે જેવા મુદ્દા તો હતા જ પરંતુ આંદોલન શરૂ કરાવનાર કૉંગ્રેસ જ હતી. ગુજરાતમાં ચીમનભાઈ પટેલ પોતાના ધારાસભ્યોને લઈને પંચવટી ફાર્મ હાઉસ ગયા અને ઘનશ્યામ ઓઝા સામે તેમણે સફળ બળવો કર્યો હતો. આથી, ઈન્દિરાજીને કમને ચીમનભાઈને મુખ્ય પ્રધાન બનાવવા પડ્યા.

પરંતુ તેમણે ચીમનભાઈને દાઢમાં રાખ્યા. આમેય ગાંધી પરિવારની સાડા બારી ન રાખનારા ઊંચા કદના નેતાઓને ગાંધી પરિવારે સદા દાઢમાં જ રાખ્યા છે, પછી એ સરદાર પટેલ હોય કે મોરારજી દેસાઈ, ગુલઝારીલાલ નંદા હોય કે ચીમનભાઈ પટેલ, નરેન્દ્ર મોદી હોય કે અમિતભાઈ શાહ. એ સમયે ઘઉં વગેરેનો પૂરવઠો અમેરિકાથી આયાત થતો. નહેરુએ જે સમાજવાદી નીતિ રાખેલી, તેને ઈન્દિરાજીએ સામ્યવાદીઓનો ઈ.સ. ૧૯૬૯માં ટેકો લેવા સોવિયેત સંઘ પ્રકારની સામ્યવાદી નીતિમાં પરિવર્તિત કરી દીધેલી એટલે કે બધું જ કેન્દ્રના હાથમાં. સાઈકલ લેવી હોય તો લાઈસન્સ કઢાવવું પડે, સ્કૂટર લેવું હોય તો પણ અગાઉથી બુક કરાવવું પડે. ટેલિફૉન લેવો હોય કે ગેસનો બાટલો, બધા માટે સરકાર અધિકૃત દુકાને લાઈનો. આનાથી કાળાબજાર થતાં. સંગ્રહખોરી થતી. કૃત્રિમ અછત ઊભી કરાતી. આવા બદમાશ વેપારીઓને કૉંગ્રેસ રાજમાં બખ્ખા થઈ ગયા હતા જે તે વખતની ઘણી હિન્દી ફિલ્મોમાં પણ જોઈ શકાય છે.

એટલે ગુજરાતને ઘઉંની આપૂર્તિ ઈન્દિરા સરકારે કડક કરી નાખી. મોંઘવારીએ માઝા મૂકી હતી. આવામાં હૉસ્ટેલમાં વિદ્યાર્થીઓનું જમવાનું મોંઘું બની ગયું.

અહીં એક આડ વાત. ફિલ્મોની અસર લોકો પર થતી હોય છે. ઈ. સ. ૧૯૭૨માં રાજેન્દ્ર ભાટિયા દિગ્દર્શિત એક ફિલ્મ આવી હતી 'જંગલ મેં મંગલ', જેમાં આપણા ગુજરાતી અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદી અને અરવિંદ ત્રિવેદી ખલનાયક તરીકે હતા. ફિલ્મમાં વિદ્યાર્થીઓએ આંદોલન કરવું જોઈએ અને અન્યાય સામે લડવું જોઈએ તે બતાવાયું હતું. સાથોસાથ શ્રી કૃષ્ણના મંદિર માટેની જમીન આ ખલનાયકો હડપ કરી લેવા માગતા હોય છે. તેની સામે સ્થાનિક ગ્રામવાસીઓ સાથે વિદ્યાર્થીઓ લડત આપે છે.

યોગાનુયોગ, ગુજરાતમાં આવી વાત બની. ૧૯૭૩નો ડિસેમ્બર મહિનો હતો. મોરબી અને અમદાવાદની એલ.ડી. કૉલેજના વિદ્યાર્થીઓએ મોંઘવારી વિરુદ્ધ આંદોલન શરૂ કર્યું. એમ કહેવાય છે કે ઈન્દિરા ગાંધીના સંકેત પર ગુજરાત કૉંગ્રેસના નેતાઓએ તેને હવા આપી હતી જેથી ચીમનભાઈની સરકાર ઉથલી જાય. આંદોલન ઉગ્ર બન્યું. ચીમનભાઈના ત્યાગપત્રની માગણી વધવા લાગી. તેમાં શિક્ષકો અને ધારાશાસ્ત્રીઓ પણ જોડાયા. ૨૫ જાન્યુઆરીએ સમગ્ર ગુજરાતમાં પોલીસ અને આંદોલનકારીઓ વચ્ચે સંઘર્ષ થયો. સ્થિતિ વણસી. આથી ૯ ફેબ્રુઆરીએ ઈન્દિરા ગાંધીએ ચીમનભાઈ પટેલનો ત્યાગપત્ર લઈ લીધો.

પરંતુ વિદ્યાર્થીઓ અને બાકીની જનતા જાગી ચૂક્યાં હતાં. જયપ્રકાશ નારાયણે સંપૂર્ણ ક્રાંતિનું સૂત્ર આપી કહ્યું, 'સિંહાસન ખાલી કરો, કિ જનતા આતી હૈ'. દેશભરમાં આંદોલન શરૂ થયું. આવામાં ૧૨ જૂન ૧૯૭૫ના દિવસે પ્રયાગરાજ ઉચ્ચ ન્યાયાલયે ચૂકાદો આપી ઈન્દિરા ગાંધીની લોકસભા ચૂંટણીને ગેરકાયદે ઠેરવી. હવે ઈન્દિરા ગાંધીને પોતાની સત્તા જોખમમાં જણાઈ. સોનિયા ગાંધીની જેમ કઠપૂતળી વડાપ્રધાન બનાવી શાસન કરવાનું પણ તેમને યોગ્ય ન લાગ્યું. તેમણે ચમચાઓની વાત માની કટોકટી લાદી દીધી.

જયપ્રકાશ નારાયણ, અટલ બિહારી વાજપેયી, લાલકૃષ્ણ અડવાણી સહિતના વિપક્ષના નેતાઓને 'મિસા' હેઠળ જેલમાં પૂરી દેવામાં આવ્યા ! જ્યૉર્જ ફર્નાન્ડિઝ, નરેન્દ્ર મોદી વગેરેએ બહાર રહી લડત આપી હતી. અંગ્રેજોના શાસનમાં ગાંધી-નહેરુને જેવી સુવિધાઓ જેલમાં અપાતી હતી તેવી સુવિધાઓ વિપક્ષના નેતાઓને જેલમાં નહોતી અપાતી. જયપ્રકાશ નારાયણે 'પ્રિઝન ડાયરી'માં લખ્યું હતુંઃ "મારું વિશ્વ મારી આસપાસ વિખરાયેલું છે. મને ડર છે કે મારા જીવન દરમિયાન તો હું તેને ભેગું થતું નહીં જોઈ શકું. વિતેલા બે દિવસથી મને લખવાનું મન નહોતું. ભારતીય લોકતંત્રના કૉફીન (શબપેટી)માં ઠોકાતો દરેક ખીલો મારા હૃદયમાં ઠોકાય છે. મેં મારા હૃદયની શોધ કરી છે અને હું સાચે જ કહી શકું છું કે જો હું અત્યારે મરી પણ જાઉં, તો મને કોઈ વાંધો નહીં હોય."

તમે કૉંગ્રેસની બદમાશી જુઓ કે જ્યારે ૨૬ જૂને એટલે કે કટોકટી જાહેર થયાના બીજા દિવસે જયપ્રકાશ નારાયણની ચંડીગઢમાંથી ધરપકડ કરવામાં આવી ત્યારે અફવા ફેલાવવામાં આવી હતી કે તેઓ કોમામાં ચાલ્યા ગયા છે અને તેમની જી.બી. પંત હૉસ્પિટલમાં સારવાર કરવામાં આવી રહી છે. જે.પી. અને મોરારજી દેસાઈને ગુડગાંવ જિલ્લાના સોહના રેસ્ટ હાઉસમાં બાજુ-બાજુના ઓરડામાં જ રખાયા હતા પરંતુ બંનેને એકબીજાને મળવા દેવાયા નહોતા ! ત્યાંથી જે.પી.ને નવી દિલ્લીના એઈમ્સમાં લાવવામાં આવ્યા અને ત્રણ દિવસ રખાયા હતા. જે.પી.ને જે તળ પર રખાયા હતા તે હૃદયરોગીઓ માટેનો હતો. તે વખતે તેમને મળવા ગયેલા જે.પી. ગોયલ અને વી.એમ. તારકુંડે સાથે ચર્ચા વિચારણા થઈ. તારકુંડે અને ગોયલ બંને ધારાશાસ્ત્રી હતા. તારકુંડેએ જયપ્રકાશ નારાયણને ધરપકડ વિરુદ્ધ જેલમાં જવા સલાહ આપી પણ જે.પી. ગોયલે ગાંધીજીનો દાખલો આપીને કહ્યું કે આ લડાઈ રાજનીતિક છે અને તેને રાજનીતિક જ રાખવી જોઈએ. ઈન્દિરા ગાંધીએ બધા કેદીઓને છોડવા જ પડશે.

આ ભોળા ગાંધીવાદી નેતાને ક્યાં ખબર હતી કે આ સરકાર અંગ્રેજો કરતાંય ખરાબ છે ! જયપ્રકાશની તબિયત જેલમાં જ બગડી અને તેમની કિડની ફેઈલ થઈ ગઈ ! તો પણ તેમને ૧૨ નવેમ્બરે છોડવામાં આવ્યા. એટલે કે તેમને પાંચ મહિના જેલમાં રાખવામાં આવ્યા. હા, વચ્ચે એઈમ્સ લઈ જવાયા હતા, પરંતુ તેમની સારવાર બરાબર કરાઈ હતી? જેલમાંથી છૂટ્યા પછી તેમને તેઓ જીવ્યા ત્યાં સુધી ડાયાલિસિસ કરાવવું પડ્યું અને તે સમયે ડાયાલિસિસની આટલી બધી અને આધુનિક સુવિધાઓ નહોતી.

કન્નડ તથા તેલુગુ ફિલ્મો-નાટકોમાં કામ કરનારી પ્રસિદ્ધ અભિનેત્રી સ્નેહલતા રેડ્ડીની ધરપકડ, બે મે ૧૯૭૬ના દિને થઈ હતી અને ખટલા (ટ્રાયલ) વગર જ આઠ મહિના સુધી બૅંગ્લુરુની કેન્દ્રીય જેલમાં રાખવામાં આવી હતી ! ત્યાં અમાનવીય સ્થિતિ હતી અને ઉપરથી જેલરો દ્વારા યાતના આપવામાં આવતી હતી. તેને ગંભીર અસ્થમા હતો છતાં તેને કોઈ સારવાર પૂરી પાડવામાં ન આવી ! આથી બે વાર તે કૉમામાં ચાલી ગઈ હતી. છેવટે તેને ૧૫ જાન્યુઆરી ૧૯૭૭ના દિને પેરૉલ પર જેલમાંથી મુક્ત કરવામાં આવી, પરંતુ બહાર નીકળ્યા પછી માત્ર પાંચ જ દિવસમાં તેનું મૃત્યુ થઈ ગયું !

સ્નેહલતાને જે જેલમાં રાખવામાં આવી હતી તે જેલમાં મધુ દંડવતેને પણ રાખવામાં આવ્યા હતા. મધુ દંડવતે બાદમાં મોરારજી દેસાઈ સરકારમાં રેલવે પ્રધાન અને વી.પી. સિંહ સરકારમાં નાણા પ્રધાન બન્યા હતા. મધુ દંડવતેએ તેમનાં સ્મરણો લખ્યા છે, તેમાં લખ્યું છે, "રાત્રે સન્નાટો રહેતો ત્યારે મને સ્નેહલતાની ચીસો તેના સેલમાંથી સંભળાતી હતી."

જો નેતા અને અભિનેતાઓની આવી સ્થિતિ હોય તો સામાન્ય લોકોની શું સ્થિતિ હશે? કટોકટી સામે પ્રમુખ રીતે લડનાર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના લોકોને પણ જેલમાં પૂરવામાં આવ્યા હતા. તેમને ખૂબ જ યાતનાઓ આપવામાં આવી હતી. ઓછામાં ઓછા સો લોકોનાં જેલમાં મૃત્યુ થયાં હતાં તેમ સંઘના પ્રચાર અને માધ્યમ પ્રમુખ સુનિલ આંબેકરે તાજેતરમાં જણાવ્યું હતું. કટોકટી દરમિયાન આમ તો દેશ જ જેલ બની ગયો હતો પરંતુ તિહાડ, સાબરમતી, ભાવનગર, બૅંગ્લુરુ વગેરે જેલોમાં પકડાયેલા લોકોની સંખ્યા ૧.૧૦ લાખ હતી. તે વખતે જનસંખ્યા અંદાજે ૬.૨૩ લાખ હતી.

વિચાર વલોણું

જયવંત પંડ્યા

આ દરમિયાન સંજય ગાંધી, જેમની પાસે કોઈ સરકારી પદ નહોતું, તેમણે સુપર પીએમ તરીકે વર્તી, પાંચ સૂત્રીય કાર્યક્રમ હાથ ધર્યો હતો અને એપ્રિલ ૧૯૭૬માં દિલ્લીને સુંદર બનાવવાના નામે તુર્કમાન ગેટ પાસે ગરીબોની ઝૂંપડીઓ પર બુલડૉઝર ફેરવી દીધું હતું. આજે બાંગ્લાદેશથી આવી ચડેલા દેશના શત્રુ જેવા ઘૂસણખોરોને ચંડોળા તળાવ પર બુલડૉઝર કાર્યવાહીના કારણે સ્થળાંતરિત થવું પડે છે તેમાં યુટ્યૂબર બેબલીઓ પૂછવા લાગે છે કે હવે ક્યાં જશો? અને બાળકોને બતાવીને તેમના પ્રત્યે સહાનુભૂતિ પ્રગટાવવામાં આવે છે, પરંતુ તે વખતે આવી કોઈની હિંમત નહોતી કે દિલ્લીના બેઘર થયેલા ગરીબોને પૂછવામાં આવે કે ક્યાં જશો? કારણકે માત્ર પ્રિન્ટ મીડિયા જ હતું. અને છાપામાં દરેક લાઈન માહિતી ખાતાના અધિકારીઓ દ્વારા વાંચવામાં આવતી, તેઓ સુધારાવધારા સૂચવતા અથવા સમાચારો કાઢી નાખવા કહેતા અને તે મુજબ જ છાપામાં છપાતું.

અને સંજય ગાંધીએ બીજો કાર્યક્રમ હાથ ધર્યો- ફરજિયાત નસબંધીનો. માત્ર ૧૯૭૬માં જ, ૮૦ લાખ લોકોની નસબંધી કરવામાં આવી હતી ! આજે આવું થયું હોય તો? તે પણ કોઈ સરકારી પદ ન હોય તેવી વ્યક્તિ દ્વારા? અધિકારીઓને ટાર્ગેટ આપવામાં આવતો. પરિણામે ઘણા કુંવારાઓની પણ નસબંધી થઈ ગઈ હતી. ટ્રક ડ્રાઈવરો જ્યાં સુધી નસબંધીનું પ્રમાણપત્ર ન બતાવે ત્યાં સુધી તેમના લાઈસન્સ રિન્યૂ નહોતા થતા ! એક આખી નવી પેઢીનું કાસળ કાઢી નાખવાનું, તે જન્મે જ નહીં તેવું કરવાનું કેટલું મોટું દુષ્કૃત્ય ! અને તેમાં મોટા પાયે ભોગ બન્યા હતા મુસ્લિમો. ૧૮ ઑક્ટોબર ૧૯૭૬ના દિને ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરમાં બળજબરીથી નસબંધીના કાર્યક્રમનો વિરોધ કરતી ભીડ પર પોલીસે ગોળીબાર કર્યો હતો અને તેમાં પચાસ જણાનાં મૃત્યુ થયાં હતાં !

આ કટોકટી સામેની સફળ લડતની એક વિશેષતા તમે નોંધી? એ સંપૂર્ણ અહિંસક હતી. એટલે કે કટોકટી વિરોધીઓ દ્વારા લોહીનું એક પણ ટીપું રેડ્યા વગર લડત અપાઈ હતી. (સ્વતંત્રતા સમયે તો ક્રાંતિકારીઓએ હત્યા કરી હતી, ચૌરીચૌરામાં પોલીસ સ્ટેશન સળગાવી દેવાયું હતું. સુભાષચંદ્ર બોઝે વિધિવત્ સેના બનાવી આક્રમણ બ્રિટિશ સેના પર કર્યું હતું.) આને સ્વતંત્રતા માટેની બીજી લડત જ કહી શકાય કારણકે જો આ લડત ન આપી હોત તો ઈન્દિરા આજીવન રાષ્ટ્રપતિ બની જવા માગતાં હતાં તેમ કહેવાય છે.

આજે? યુપીએ સરકાર વખતે નોંધાયેલા ભ્રષ્ટાચારના કેસ બદલ પણ જો કાર્યવાહી કરવામાં આવે તો તેને અઘોષિત કટોકટીનું નામ આપી દેવામાં આવે છે. વડાપ્રધાન મોદી સંસદમાં બોલે ત્યારે સતત ગોકીરો કરવો, સંસદમાં આંખ મિચકારવી, ફ્લાઈંગ કિસ આપવી, પાકિસ્તાન સામે ઑપરેશન સિંદૂર જેવી યુદ્ધની સ્થિતિમાં અને તે પછી પાકિસ્તાન પ્રસન્ન થાય તેવાં નિવેદનો આપવાં, ૨૦૨૪ની લોકસભા ચૂંટણી વખતે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના ભાષણની ક્લિપ વચ્ચેથી કટ કરીને 'ભાજપને જો ૪૦૦ બેઠકો મળી જશે તો અનામત નાબૂદ કરી દેશે' તેવો કૉંગ્રેસ દ્વારા ભ્રમ ફેલાવવો, ડૉ. મનમોહનસિંહે જેમને દેશની આંતરિક સુરક્ષા માટે જોખમ ગણાવ્યા હતા તેવા માઓવાદીઓ સામે ઠાર મારવાની કાર્યવાહી કરવામાં આવે તો તેને રોકી દેવાની માગણી કૉંગ્રેસ દ્વારા કરવી, ઑપરેશન સિંદૂર સમયે વડાપ્રધાન મોદીની 'સર તન સે જુદા' પ્રકારની માથા વગરની તસવીર કૉંગ્રેસ દ્વારા સૉશિયલ મીડિયા પર મૂકવી, પંજાબમાં વડાપ્રધાન જાય ત્યારે તેમની સુરક્ષામાં કૉંગ્રેસ સરકાર દ્વારા ગંભીર ચૂક કરવી, ડિબેટોમાં સત્તાધીશો સામે ફેંકુ, તડીપાર જેવા અપશબ્દોનો ઉપયોગ કરવો, રાજદીપ સરદેસાઈ જેવા પત્રકારો દ્વારા ખેડૂત આંદોલન સમયે ખાલિસ્તાની સમર્થકો દ્વારા હિંસા વખતે ખેડૂતનું મૃત્યુ થયાના ફેક ન્યૂઝ ફેલાવવા, આમ છતાં વિપક્ષો કે તેમના ચમચા પત્રકારો સામે કોઈ ગંભીર કાર્યવાહી થતી નથી. રાજદીપને તો 'ઈન્ડિયા ટુડે' થોડો સમય ટીવી સ્ક્રીનથી દૂર રાખી ફરી પાછો પ્રાઈમ ટાઈમ સોંપી દે છે. એટલે કે તેમને નોકરીમાંથી હટાવતું નથી.

તો શું આંતરિક સુરક્ષા સામે જોખમ છે તેમ કહી કોઈ પણ સરકાર ફરીથી કટોકટી લાદી શકશે? ના. ઈન્દિરા ગાંધીએ ૧૯૭૭માં ચૂંટણી આપી તે પછી સંસ્થા કૉંગ્રેસ, જનસંઘ અને ભારતીય લોક દળ સહિતના પક્ષોનો એક પક્ષ બનીને જનતા પક્ષ બનેલો. તેની સરકારે કાયદામાં સુધારા કરી નાખ્યા. આંતરિક સુરક્ષાના નામે હવે કોઈ સરકાર કટોકટી નહીં લાદી શકે. કટોકટીમાં હવે જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકારને કોઈ સસ્પેન્ડ નહીં કરી શકે. ■ jaywant.pandya@gmail.com

# પેટાચૂંટણી – એક સીટની હારમાંથી બોધપાઠ લઇ શકાય ?

વિસાવદરની પેટાચૂંટણીમાં સત્તાપક્ષ ભાજપનો આમ આદમી પાર્ટી સામે પરાજય થયો છે, કોંગ્રેસ તો ક્યાંયે ચિત્રમાં હતી જ નહિ. આ સીટ આમ તો ગત વખતની આમ આદમી પાર્ટીની જ હતી જે એણે જાળવી રાખી છે. ભાજપને સીટના ગણિતમાં કોઈ નુકસાન નથી. જો સામાન્ય ચૂંટણીમાં આ સીટ હારી ગયા હોત તો આટલી ચર્ચા પણ ન હોત. પણ, આ પેટાચૂંટણી હતી. ઉજ્જડ ગામમાં એરંડા પ્રધાનની જેમ બધાની નજર અહિયાં લાગેલી હતી એટલે વજૂદ વધુ મળે એ સ્વાભાવિક છે. પાટીદાર વોટના પ્રભુત્વ વાળી આ બેઠક ભાજપ છેલ્લા સત્તર વર્ષથી નથી જીતી શક્યો. એક વખત આ સીટ પક્ષના મુખ્યમંત્રીની સીટ હતી. આમ આદમી પાર્ટીના જે ઉમેદવાર જીત્યા છે એણે કારકિર્દીની શરૂઆત ભાજપના તત્કાલિન ગૃહમંત્રી ઉપર ચાલુ વીડિયો કોન્ફરન્સે પગરખું ફેંકવાથી કરી હતી. ભાજપ માટે સીટ કે પક્ષ કરતા વ્યક્તિ વધુ અગત્યની બની રહેશે. ભાજપ કોઈ પક્ષ સામે નહિ પણ વ્યક્તિ સામે હાર્યું છે. કારણકે આમ આદમી પાર્ટીની વિચારધારાને હાલ ગુજરાતે કોઈ બહોળા સ્તરનું સ્થાન આપ્યું નથી એ છેલ્લી વિધાનસભામાં સાબિત થઇ ગયું હતું. અને એક સીટ આવી જવાથી આપ ગુજરાતમાં બેઠો થઇ જશે એવું પણ નથી. અને એક સીટ જવાથી ભાજપ લઘુમતમાં નથી આવી જવાનું. પણ, આ પેલી નાની અંગ્રેજી વાર્તા જેવું છે કે જો ડેમની પાળમાં પડેલું નાનું કાણું સમયસર ધ્યાન આપીને મરમ્મત નહિ કરવામાં આવે તો અંદરનું પાણી જ તેને મોટું કરીને પાણી વહાવી દેશે. ડેમ ખાલી થઈ જશે.

પરાજય ક્યાંય પણ હોય, ચાહે તેવડો નાના સ્વરૂપનો હોય, ચાહે તેટલા નીચેના સ્તરના મુકાબલાનો હોય, આત્મમંથન કે આત્મચિંતન જરૂરી બની જાય છે. જો આ પરાજયનો સિલસિલો લાંબો ચાલવા ન દેવો હોય, કે પરાજય જે કારણોસર થયો હોય, એ કારણોને વિસ્તૃત ન થવા દેવા હોય તો એ શોધી કાઢવા જરૂરી છે, અને શોધીને તેનો ઉચિત ઈલાજ જરૂરી છે. કોઈ પરાજય એકલદોકલ સીટનો પરાજય નથી હોતો, એ એક ઉમેદવારનો, આખા પક્ષનો, પક્ષની વિચારધારાનો, કોઈ મુદ્દે પક્ષના વલણનો પરાજય હોય છે. કોંગ્રેસને આ પરાજયથી બહુ ફેર પડવાનો નથી. કોંગ્રેસ આત્મચિંતન, આત્મમંથન કે કદાચ પરાજય નામના શબ્દોના પરીઘમાંથી બહાર નીકળી ગઈ છે. પરાજયમાંથી ધરાર નહિ શીખવાની માનસિકતા, મુદ્દાઓને ઉઠાવવાની નેતાગીરીની અસમર્થતા, પક્ષના આંતરમાળખાકીય ઢાંચામાં બદલાવ નહિ કરવાની જડ નીતિઓ, સર્વોચ્ચ નેતાગીરીની લગભગ લગભગ વૈચારિક, નીતિવિષયક, પ્રેરણાદાયી ગેરહાજરીએ કોંગ્રેસને ગુજરાતમાં મૃતપ્રાય અવસ્થામાં લાવી મૂકી છે. કરુણતા એ છે કે પક્ષ ઉભો થવાનો કોઈ પ્રયત્ન પણ કરતો હોય એવું દેખાઈ નથી રહ્યું. લોકશાહીમાં ઓછામાં ઓછા બે પક્ષો હોય છે, કોંગ્રેસ પોતાની હાજરી ઓછી કરીને ત્રીજા વિકલ્પ માટે સતત જગ્યા ખાલી રાખી રહ્યું છે.

કોંગ્રેસ જે અવકાશ ખાલી છોડી રહ્યું છે એ સતત ભાજપના વિકલ્પ રૂપે ભરાતો રહેવાનો નથી. એ ભ્રમ ભાજપે પણ ન પાળવો જોઈએ. છેલ્લી વિધાનસભામાં કોંગ્રેસનો જે જનાધાર ઘટ્યો તેમાંથી મોટાભાગનો ભાજપ તરફ નમ્યો હતો, પણ એક સ્પાર્ક આપ તરફી પણ હતો અને નોંધપાત્ર મતની ટકાવારી મળી હતી એ ધ્યાને રાખવું જરૂરી છે. આ ચર્ચા પેટાચૂંટણીની હાર બાદ ન થાય તો આવતી સામાન્ય વિધાનસભા વખતે જરૂર કરવી પડશે. આમ આદમી પાર્ટી, ભાજપ નહિ તો પણ કોંગ્રેસના વિકલ્પ રૂપે ઉભરી શકે છે એ શક્યતા સાવ નકારી મુકવા જેવી નથી. ભાજપે આ ગણિત બધા માંડ્યા જ હશે. પણ, બધા ગણિત હાથવગા હોવા છતાં, પક્ષનો એ સીટ જીતવા માટેનો આટલો મોટો દાખડો છતાં જો હારી જવાતું હોય, તો બાબતની ગંભીરતા ઓછી ન આંકી શકાય. છેલ્લા થોડા સમયમાં ગુજરાતમાં સત્તાનું જે કેન્દ્રીકરણ થયું છે તેમાં કેન્દ્રબિંદુ ભાજપ રહ્યો છે. કાઠીયાવાડીમાં કહીએ તો આખા ગામનું કાંધુ પીછું ભેગું થઈને પક્ષમાં પહોચ્યું છે. કાર્યકર્તા અને નેતાઓની સંખ્યાની દ્રષ્ટીએ પક્ષ ઓવર ક્રાઉડેડ થઇ ગયો છે. બીજી તરફ જીતવાની ખાતરી હોવાથી અપેક્ષાઓનું ભારણ પણ વધારે છે. મજબૂત શીર્ષસ્થ નેતાગીરી, રાષ્ટ્રવાદી વિચારધારા સમાજના અને અન્ય રાજકીય પક્ષોના ઘણા લોકોને પોતાની તરફ ખેંચી ગયા છે. આ સંજોગોમાં આંતરિક ઘર્ષણનું પ્રમાણ વધારે રહે એ સ્વાભાવિક છે. બહોળા કાર્યકર્તાઓની સંખ્યાના કિસ્સામાં સિનીયોરીટીની કેડરથી લઈને બીજા પક્ષમાંથી આવેલાના કિસ્સામાં જુનાઓને અન્યાય જેવા ઘર્ષણો સર્જાવા સ્વાભાવિક છે. પક્ષની અંદર જેટલા ખેમાઓ વધારે ઉભા થતા જાય પક્ષની તાકાત એટલી ઓછી થતી જાય એ બોધપાઠ લેવા કોંગ્રેસથી આગળ જવાની જરૂર નથી. શિસ્તબદ્ધ પક્ષમાં આ બધા ઘર્ષણો સામાન્ય સ્થિતિમાં બહાર નથી આવતા. પરંતુ ચૂંટણી સમયે જરૂર આવે છે. કોંગ્રેસમાં જેમ ટિકિટ ફાળવણી બાદ પક્ષ કાર્યાલયો પર છુટ્ટી ખુરશીઓ ઉલળતી એમ હવે ભાજપમાં થઇ જાય એ દિવસો દૂર નથી. લાંબા સમયના એકધારા શાસન બાદ પક્ષ, પ્રજા અને કાર્યકર્તાઓના અપેક્ષાના ભારણથી ઓવરલોડ છે.

રાજકીય રસધાર

પ્રવીણ માધાણી

અંતે બધો ભાર કન્યાની કેડ પરની જેમ પક્ષનો કમિટેડ, રાષ્ટ્રવાદી, નિસ્પૃહ કાર્યકર્તા આ બધો ઢાંકોઢૂબો કરવામાં ખેંચાઈ અને ખર્ચાઈ જાય છે. અને કદાચ સૌથી વધુ હારનું દુઃખ પણ તેને જ થાય છે. કોંગ્રેસના પતનનું એક કારણ તેનો કમિટેડ કાર્યકર્તા નાસીપાસ થઈને ખસી ગયાનું પણ છે. ભાજપે પોતાની આંતરિક બાબતો અંગે ગંભીરતાથી વિચારવાનો સમય આવી ગયો છે. સંગઠનમાં હોદ્દેદારોની નિમણૂક લાંબા સમયથી અટવાયેલી પડી છે એ શિસ્તબદ્ધ પક્ષમાં પણ બધું સમુસુતરું હોવાનો સંકેત નથી.

ક્વિક નોટ – આશા છે કે હું દેશની એક આખી પેઢીની જિજ્ઞાસા જગાવીશ. આ ૧.૪ અબજ લોકોની યાત્રા છે. – ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લા (અંતરીક્ષની યાત્રાએ જનાર બીજા ભારતીય અવકાશયાત્રી) ■

production@infiniumpharmachem.com


# બાદશાહી એટલે શું?

તમે તમને સૂઝે એવા સવાલ પૂછો અને હું સંજોગ ન્યૂઝ દ્વારા તમને ઘેર બેઠા જવાબ પહોંચાડું. તમારા માટે એ જ બાદશાહી!

(૧) ગાંજો વાવ્યો હોય એ ખેતરને શું કહેવાય?
દર્શન પટેલ (વડોદરા),
ગાંજાપટ્ટી

(૨) આંસુને કેમ ખબર પડી જતી હશે કે મારે આંખમાં આવવાનું છે?
બાવાભાઈ રાખોલિયા (ઉપલેટા)
એવું ન હોય. આંસુ આવે ત્યારે આપણને ખબર પડી જાય છે કે આપણે દુઃખી થવાનું છે.

(૩) દાબેલી ફૂલેલી હોય છે છતાં દાબેલી શા માટે કહેવાય છે ?
જીગર આહીર (દાત્રાણા-પાટણ)
ફૂલેલી દાબેલીની જગ્યાએ તમે નવું કાઢો.. દાબી દીધેલી દાબેલી!

હાસ્યાય નમઃ

ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩

(૪) સાહેબ..! અક્કલ અને અક્કલમઢામાં શું ફરક હોય?
ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીંબા)
અક્કલ હોશિયાર હોય. એ કદી અક્કલમઢા પાસે ન જાય.

(૫) વરસાદમાં બહાર નીકળું તો ચશ્મા પલળી જાય અને ચશ્મા ન પહેરું તો દેખાય નહી. કરવું શું ?
હાફીઝ રિયાઝ સેલોત (રાજુલા)
ચશ્મામાં વાઈપર ફિટ કરાવી દો.

(૬) ઉતાવળમાં ભૂલથી ફક્ત ગંજી ઉપર રેઈનકોટ પહેરીને ઓફિસે જતા રહીએ તો ઓફિસે જઈને શું કરવાનું?
કનુભાઈ પરમાર (દામનગર)
ઓફિસે જઈને શું કરવાનું એની ચિંતા કરવા કરતાં સાંજે ઘેર આવીને શું જવાબ આપવો એની ચિંતા કરો.

(૭) અમે તમને ક્યાંય યોગ કરતાં જોયા નહિ, વિશ્વ યોગ દિવસે તમે ક્યાં હતા ?
રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)
બોલો મારે યોગ પણ ગામની સામે કરવાના!

(૮) બાદશાહી એટલે શું?
હરેશભાઈ મકનભાઈ કાવઠિયા (નવા ઉજળા)

(૯) કેટલાક લોકો સુખદ પળોને, ફૂલોની મહેકને, કોયલના ટહુકારને, નદીના નીરના સંગીતને, પક્ષીઓના કલરવને, પતંગિયાના રંગોને કેમ માણી શકતા નથી?
ડાહ્યાભાઈ આદ્રોજા (લીલિયા મોટા)
તમે પરણેલાની વાત કરો છો ને, હે ને?!

(૧૦) બધા લોકો કઠપૂતળીની જેમ કેમ નાચે છે?
ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા હાલ કેનેડા)
કેમ કે હવે કઠપૂતળીઓએ નાચવાનું બંધ કર્યું છે.

(૧૧) આજના યુવાનોને માન મળે કે ના મળે પણ લોન સામેથી મળે છે? લોન લેવી કે માન લેવું?
પરમાર હર્ષિદા ટી (વા-સોજીત્રા પાટણ)
જે પરત આપી શકાય એ.

(૧૨) ટીપે ટીપે સરોવર ભરાય એનાથી મોટું કોઈ ઉદાહરણ આપશો? ધવલભાઈ પાનવાળા (રાજકોટ)
નદીએ નદીએ દરિયો ભરાય.

(૧૩) વરસાદને અને ભજિયાંને આત્મીય સબંધ કેમ?
જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)
વરસાદનો ભરોસો નહીં. પેલા ઉનીઉની રોટલી અને કારેલાંનાં શાક સાથે આત્મીય સંબંધ હતો. કાલ વળી પિત્ઝા કે બર્ગર સાથે આત્મીયતા બાંધી બેસે.

(૧૪) કાગડાના માળામાં ઈંડા મૂકી જતી કોયલ માટે શું કહેશો? રમાબેન પટેલ (અમદાવાદ)
ઘૂસણખોર!

(૧૫) હું વહેમનું ઓસડ શોધવા માગું છું. તમે એમાં શું મદદ કરશો?
રામભાઈ પટેલ (સુરત)
હું તમને જોઈએ એટલા વહેમ પુરા પાડીશ. ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# અવિરત અવિચલ તપ તમારે જે જોઈએ તે આપે છે



સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

ધરતી પર વર્ષાનો લીલોછમ વૈભવ પથરાયો છે. હવે એમાં સહેજ વહેલા સીધો જ અણધારી ઉષ્ણતાનો વળી પ્રવેશ થયો છે. રાત્રિઓ ટૂંકી અને સોહામણી થવા લાગી છે. આ વખતે સીધા જ વધારે વરસાદની ઝંઝાવાતી શરૂઆત થઈ છે ને પછી વરસાદ અટકી ગયો છે. સાંજ પડે છે ને પશ્ચિમમાંથી ઠંડા પવનની લહેરો શરૂ થઈ જાય છે. કુદરતમાં વિદ્યમાન ક્રમિકતા દર્શનીય હોય છે. આ વખતે હજુય દિવસે તો સૂરજનો પરિતાપ અનુભવાય છે. અષાઢી બીજ પછી ખરા વરતારાની ખબર પડશે. હોય ઘટાદાર વડલો પણ એવા સ્વરૂપે પહોંચતા એને વરસો લાગે છે. કોઈ સતત ઘૂંટાતો શુભ વિચાર પણ એનો સાક્ષાત અમલ થતાં વરસો લે છે.

જે જેવું વિચારે છે તે તેવું પામે છે એ તો આપણી જુની ન ગણકારેલી છતાં સાવ સાચી માન્યતા છે. સહુ શ્રેષ્ઠતાઓને ચાહે છે પરંતુ વિચારલોકમાં જે આ મેજિક મિક્સ સંસાર પ્રવેશી જાય છે તે પેલી સ્વકલ્પિત શ્રેષ્ઠતાઓને દૂર ને દૂર લઈ જાય છે. જિંદગીમાં ચોતરફ ક્રમિકતા છે. કોઈ પણ સફળતાને નિરખતી વેળાએ કમાલ લાગે છે. પરંતુ એ કમાલ પાછળ કેટલી જિંદગીઓનું તપ છે એ વીસરાઈ જાય છે. માણસ જ્યારે મધ્યવયે પહોંચે છે ત્યારે એને યૌવનની શરૂઆતે થયેલી ભૂલો દેખાય છે. અભ્યાસકાળ દરમિયાન કારકિર્દી અંગે લીધેલા સાચા કે ખોટા નિર્ણયોનું પરિણામ મધ્યવયે ભોગવવાનું હોય છે અને આધેડ વયે કરેલા નિર્ણયોનું પરિણામ નિવૃત્તિ ટાણે ભોગવવું પડે છે. જેમણે વિચારશીલ અને યોગ્ય નિર્ણયો લીધા હોય તેમણે એના મીઠા ફળ માણવાના છે અને ખોટા કે ભૂલ ભરેલા અભિગમવાળા લોકોએ ભહુ સહન કરવાનું આવે છે.

જેમ કુદરતમાં એ જ રીતે અધ્યાત્મમાં પણ ક્રમિકતાનો મહિમા છે. આ દુનિયા રાતોરાતની છે જ નહિ. આજકાલ પ્રેમભૂષણજી મહારાજ તેમની કૃષ્ણકથાઓમાં એક ભક્તિગીત ગાતા રહે છે... જો કરતે રહોગે ભજન ધીરે ધીરે.... તો મિલ જાયેગા વો સજન ધીરે ધીરે... અધ્યાત્મના પ્રથમ સંસ્કાર ધૈર્ય છે. સાંઈબાબાએ એને સબૂરી કહી છે. તરત મળે એમાં જેને રસ નથી એ તપસ્વી છે. કારણ કે તપનો અર્થ તપસ્વી સમજે છે. તપ કદી વિફળ નથી હોતું પરંતુ તપની ઘનતા પર એની પરિણતી નિર્ભર છે. નિત્ય એક જ સમયે એક જ વાર પણ અણભૂલ્યે હરિનામ લેવું એ પણ એક તપ છે. કોઈ પણ તપના પહેલા પાંચ પગથિયા ચડો એટલે ખ્યાલ આવે કે સામાન્ય દેખાતા એ તપમાં તપનું તપ્ત એલિમેન્ટ શું છે ! આ દુનિયા નાના-નાના તપસ્વીઓથી ભરેલી છે. એ બધા આત્મઘોષ વિનાના તપ છે. એને ઓળખવા કે અન્ડરલાઈન કરવામાં આપણો સ્વાર્થ છે, અનુકરણાર્થેય એકાદ તપ આવડી જાય તો બેડો પાર થઈ જાય.

જે શીખવાનું છે તે શાસ્ત્રોમાં નથી. શાસ્ત્રો તો શું શીખવું જોઈએ એના તરફનો અને એય ક્યાંક સાંકેતિક તો ક્યાંક પ્રતીકાત્મક નિર્દેશ માત્ર છે. જે શીખવાનું છે તે તો પોતાની અને બીજાઓની અણમોલ જિંદગીઓમાંથી જ શીખવાનું છે. આને આપણે લોકાનુભવ પણ કહીએ. લોકોનો અનુભવ નહિ પણ લોકો સાથેનો આપણો અનુભવ. સદગુરુ તો એકે હજારા હોય છે. તોય દત્તાત્રેયે અધિકાધિક ગુરુ ધાર્યા અને એમના સદગુણને નિજ આત્મામાં ઊંડે ઉતાર્યા. કેવી મનોહર એમની આ અધ્યાત્મવિદ્યાયાત્રા છે. એક ગુરુ પાસેથી જ્ઞાન મળ્યું ને તરત જ તરસ વધી એટલે બીજા સદગુરુના શરણે પહોંચ્યા. એમ પુનરપિ જિજ્ઞાસા પ્રદીપ્ત થતી રહી ને સદગુરુની ઓળખ અને શરણ એ જ એમનો જીવન ક્રમ બની રહ્યો. એમની એ ચહુદિશ શોધ અને સર્વતોમુખી ગુરુભાવનું અનુશીલન જ એમને ચતુર્મુખ સ્વરૂપમાં પ્રતિષ્ઠાપિત કરે છે.

અધ્યાત્મમાં ધીરજનો મહિમા છે. એટલે જ ઉદગાતા કહે છે કે જો કરતે રહોગે ભજન ધીરે ધીરે.... ભક્તિ સ્વયં કોઈ ચમત્કારની અપેક્ષા રાખતી નથી. જેમાં ભક્તને કોઈ જ અપેક્ષા નથી એ ભક્તિ છે, અને જેમાં કોઈક ગણતરી છે એ પરમતત્ત્વ સાથેની એક પ્રકારની સોદાબાજી છે. જો કે જે ભક્ત હોય છે એને સાંસારિક કોઈ લાભ કે કોઈ લોભની તમા હોતી નથી, કારણ કે એનાથી મુક્ત થયા પછી તો ભક્તિની શરૂઆત થાય છે. ભક્તિ કદાચ એક આયુષ્યકાળને ઓળંગીને જન્મજમાન્તર ચાલતી પ્રક્રિયા છે. કારણ કે ભક્તિ આત્માના સંસ્કાર છે. સંસારની લિપ્તતા સાથે એને બહુ ઓછો સંબંધ છે. ભક્ત સંસારથી લિપ્ત નથી, નિર્લિપ્ત છે.

આજ સુધી જે ભક્તો જોવામાં આવ્યા છે તે આ જગત સાથે ખપ પૂરતો નહિવત સંબંધ ધરાવે છે અને જીવનના મુખ્ય ઉપક્રમ તરીકે તેઓ પરમ તત્ત્વને ઉપાસે છે. એટલી હદ સુધી કે તેઓને એ જાણવામાં પણ રસ નથી કે મારી ભક્તિ પ્રભુ સુધી પહોંચે છે કે નહીં. તેઓ કદીક પ્રભુને પ્રેમ પત્ર લખે છે મનોમન, પરંતુ એ પત્રનો વળી પાછો પહોંચનો કાગળ એમને મળે એવી કોઈ રાહ તેઓ જોતા નથી. એટલે જ મનુષ્યના અનેક પ્રકારના સર્વોચ્ચ ચરિત્રોમાં ભક્ત એક વિશિષ્ટ પ્રકારનું ચરિત્ર છે. ભક્તને જન્મ આપનારી માતા એટલે જ સદાય વંદનીય છે. કોઈ એવા જે ધીરે ધીરે પ્રભુ ભણી ધપતા ભક્ત હોય એની જ તો આગળ-પાછળ સકલ બ્રહ્મ ફર્યા કરે છે. ભક્ત ભક્તિથી સ્વયં જ્યારે બ્રહ્મતત્ત્વને પામે ત્યારે જ તો બ્રહ્મ એની પાસે લટકાં કરવા લાગે છે. અનુભવે જ નરસૈંયો કહે છે કે બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે...!

વન-ઉપવનથી દૂર નીકળ્યા પછી મનુષ્યની ક્રમિક વિકાસમાં શ્રદ્ધા અને ધીરજ કંઈક ઓછાં થઈ ગયા છે. જેમનામાં ધીરજ નથી એ કદાચ ઉતાવળી જિંદગીનો યાત્રિક બની શકે, પરંતુ અધ્યાત્મના મલકમાં એને પ્રવેશ નથી. હરિના મારગમાં પરથમ પહેલું જે મસ્તક મૂકવાની વાત કરી તેમાં વીરતાની વાત તો છે જ, ઉપરાંત સમગ્ર બુદ્ધિ પ્રદેશ પડતો મૂકવાની પણ વાત છે. બહુ બુદ્ધિ અને તર્ક લડાવ્યા પછી શોર્ટકટનો કે ઉતાવળનો જન્મ થતો હોય છે એ કદાચ કવિ પ્રીતમદાસને ખબર છે. એટલે એમણે વ્યંજના રચીને માથું જ મૂકી દેવાની શરત કરી છે. ઉતાવળનું તો અહીં કોઈ કામ જ નથી. રામા રામા કરતે કરતે બીતી રે ઉંમરિયા.... એ શબરી છે. એવા જ ધીરે ધીરેના પંથપ્રવાસીઓથી સજનને મળવાના મનોરથોનો એક અલગ જ અણદેખ્યો મેળો આ જગતમાં ભરાયેલો છે.

જીવનની ક્ષણભંગુરતા નો પડઘો આમ તો કોઈ મનુષ્યને વારંવાર સંભળાતો નથી અને એને કારણે એ જીવનનો પૂરેપૂરો આનંદ લઈ શકે છે. જ્યારે એ ધવલ સ્વચ્છ અંતઃકરણમાં પોતાની જિંદગીને ફિલ્મની જેમ જુએ છે ત્યારે એમ જ માને છે કે એમાં મહાનાયક હું સ્વયં છું. હકીકતમાં આ સૃષ્ટિના સરજનહાર વિશે આપણે સંપૂર્ણ અજ્ઞાન છીએ. જિંદગી આપણે માનીએ છીએ એના કરતાં બહુ જ વધુ તકલાદી છે અને એની પ્રતીતિ છેલ્લા બે વરસમાં આખી દુનિયાને થઈ છે.

એનું કારણ છે કે સમગ્ર માનવ શરીરમાં કોઈ પણ ક્ષણે કોઈપણ વિચિત્ર ઘટના બની શકે છે. આંતરિક શરીર તો આપણે જાણતા જ નથી. એટલું જ નહીં ડોક્ટર સિવાય કોઈને રસ પણ નથી. કે આ અદ્ભુત ચમત્કાર શું છે. આપણી હયાતી અનેક સુખદ અકસ્માતોનો સરવાળો છે એટલે કે એમાં કોઈ પૂર્વ નિયોજિત યોજના હોવાની સંભાવના ઓછી છે અને આકસ્મિકતા છે. એ અનેકરંગી અનેક આકસ્મિકતાઓનો સરવાળો આપણી હયાતી છે..... તો મિલ જાયેગા સજન... અહીં સજનનો અર્થ માત્ર પ્રિયતમ કે પરમેશ્વર નથી. પરંતુ તમે જેને અને જે કંઈ ચાહો છો એ પ્રાપ્ત થઈ જવાનું વચન છે. એટલે કે ભજન ક્રમશઃ અનંતકાલીન શરૂ રાખવાની વાત છે. ભજન એટલે ઉપાસના. સંગીત કે ઈતર કલાની સાધના પણ ભજન છે. એ સાધના જ સાફલ્ય સુધી પહોંચાડે છે. ■

# એક સચ એક જૂઠ



વાર્તા વિશ્વ



યોગેશ પંડ્યા

“એકવાર આ ફોટો જોઈ લે, પછીની વાત પછી બસ ?” કારગીલ યુધ્ધ પૂરું થયું અને મિલટ્રીમાંથી પંદર દિવસની રજા લઈને ઘેર આવેલા રણજીતને બીજે દિવસે સવારે ઉઠતા વેંત જ એક યુવતીનો ફોટો હાથમાં થમાવતી મા હોંશભેર કહેતી હતી : “ભલે પેલી પાંચેય છોકરીઓ તને ના ગમી, પણ આ છોકરીને એકવાર જોઈ લે.”

આટલા દિવસો પછી માંડ માંડ નિરાંતે સુવા મળ્યું હતું અને જેવો એ જાગ્યો એ ભેળી મા મંડી પડી હતી. આંખો ઉંઘરેટી હતી અને સપનાં જાણે હજી તરી રહ્યા હતા ત્યાં જ મા એક ફોટો લઈને આવી ચડી હતી. તેણે મને-કમને ફોટો હાથમાં તો લીધો પણ આ શું ? આ તો છોકરી છે કે ફિલ્લમની કોઈ હીરોઈન ?? રણજીત ફોટામાં દેખાતી એ છોકરીના રૂપમાં ડૂબી ગયો : માંજરી આંખો, ભૂખરાં ઝૂલ્ફાં, કાશ્મીરની પહાડીઓ જેવા શરીરનાં સરકણાં રેશમી ઢોળાવ, ચહેરા ઉપર છલકાતી નજાકત, મોસંબીની ચીર જેવા રસદાર હોઠ અને ચહેરા ઉપરનું ભૂવનમોહક સ્મિત ! છોકરીમાં કોઈ પણ કમી નહોતી.... રણજીત યુવતીમાં સાંગોપાંગ ડૂબી ગયો હતો કે નાના ભાઈ આદિત્યએ રણજીતના હાથમાંથી એ ફોટો ઝૂંટવી લેતા ખડખડાટ હસી પડતા મા ને કહ્યું : “ મા, હવે કોઈ ચિંતા ન કરીશ. આ વખતે પાક્કું ! મોટા ભાઈને મોહિનીભાભી ગમી જ ગયા છે !!”

“અરે....!!” મોહિનીના મદભર મોહમાં ડૂબી ગયેલા રણજીતે પલંગમાંથી ઉછળીને નાના ભાઈ આદિત્ય પાસેથી એ ફોટો ઝૂંટવી લેવાની કોશિષ કરી કે આદિત્યએ ડીંગો બતાવતા ફળિયામાં નાસી જતા પૂરા લાડથી કહ્યું : “હવે તમને ફોટો નહી મળે ભઈલા ! હવે તો, તમારે મોહિનીભાભીને જોવા એમનાં ગામ રૂપગઢ રૂબરૂ જ જવું પડશે !!” રણજીત બેસી પડયો. મા અને પિતા બન્ને ભાઈઓનાં નાના બાળક જેવા તોફાનો અને શરારત જોઈ હસી પડયા. દિવસ હતો, પણ રણજીતને મન રાત હતી. હવે તો તે ધોળે દિવસે સપનાં જોવા માંડયો. “તો શું કરવું છે ? રૂપગઢ જવું છે ને ?” મા પણ હવે શરારતના મૂડમાં જ હતી. રણજીતે થોડો ડોળ કરતા કહયું : “હવે તું કહે છે તો પછી ? ” જવાબમાં ગોમતીએ વહાલથી તેનો કાન આમળતા કહ્યું : “બેટમજીને મન તો છે જ, ખાલી ખોટો ડોળ કરે છે. જુઠ્ઠો.” પછી કહે : “ તો હું મોટી બેનને સાસરેથી આજ જ તેડાવી લઉ ને ? ”

“હા, મા....” રણજીતે લીલીઝંડી આપી દીધી અને ગોમતીએ રાજેશ્વરીના સાસરે ટેલિફોન જોડયો. રણજીત - આદિત્યથી એક મોટી બેન પણ હતી જે પરણીને સાસરે જતી રહી હતી. બીજે દિવસે તો દીકરી જમાઈ આવી પણ પહોંચ્યા. એક સમાચાર રૂપગઢ પણ મોકલી આપ્યા. બીજે દિવસે ગોમતી, રણજીત, દીકરી રાજેશ્વરી અને જમાઈ ચારેય જણા જોઈ આવ્યા. જેવી મોહિની એવું જ દમદાર ઘર બધું મેળ ખાય એવું જ હતું. ત્યાંને ત્યાં બોલ બોલાઈ ગયા. શ્રીફળ - સવા રૂપિયો આપીય દીધા. મોહિનીને પણ રણજીત પસંદ પડયો હતો. આવતા અઠવાડિયે ચૂંદડી ઓઢાડવાનું મુહૂર્ત નક્કી કરીને વિધિવત સગાઈ થઈ ગઈ અને રણજીત વળતા ત્યાં જ રોકાઈ ગયો. બે દિવસ મોહિનીના સહવાસમાં વરાળ પેઠે કયાં ઊડી ગયા એ જ ખબર ન રહી. એકની એક લાડકી દીકરીને રણજીત જેવો સંસ્કારી અને મિલીટ્રીમાં નોકરી કરતો છોકરો મળ્યો એ તો મોહિનીના મા-બાપને માટે આનંદ અને વિશેષ ગૌરવની વાત હતી. આખા ગામમાં રણજીતની “વાહ-વાહ” થઈ ગઈ. વખતને જતા કયાં વાર લાગે છે ? લગ્નનું મુહૂર્ત નીકળી ગયું અને રજાઓ લઈને રણજીત આવ્યો અને બન્ને પ્રેમનાં તાંતણે બંધાઈ ગયા. ઉપરનાં મેડે આવેલા નવદંપતીના ઓરડામાંથી આખી રાત ઝાંઝરીનાં ઝીણા ઝીણા તોફાન અને કાચની બંગડીના રણકાર સંભળાતા રહેતા એ જાગતી આંખ્યે પથારીમાં સૂતી સૂતી ગોમતી મનોમન હસી પડતા સાંભળતી રહેતી. પિયુના પૌરૂષી આક્રમણ જેવી કારતકની ટાઢ અવનિ પર ઉતરતી અને મોહિની રણજીતને ભરડો લઈ લેતી. એકવીસ વર્ષનું જોબન પિયુના ધરવોધરવ પ્રેમને પીતું હતું. રણજીતે પણ નવવધૂ પત્ની મોહિનીને પ્રેમ આપવામાં કશી કસર છોડી નહોતી. પણ ગઈકાલે સહજ ભાવે જ રણજીતે બે દિવસ પછી ડયુટી ઉપર ચડવાની વાત કરી હતી એ મોહિનીના કાજળે કસક બનીને ચૂભી હતી.

“તમારા વગર હું એકલી કેમ રહી શકીશ ? ” આંખોમાં આંસુ સાથે મોહિની રણજીતને પૂછતી હતી : “તમારા વગરનું આ ઘર, આપણો રૂમ અને હું ? ઝૂરતા હોઈશું અને હું તો એકે’ક દિવસ - રાત કેમ કાઢી શકીશ ?” જવાબમાં રણજીતે આશ્વાસન આપ્યું હતું : “હું બાપુજીની બીમારીના બહાને ખાસ રજા લઈને આવી જઈશ બસ ? ખાલી બે મહિના કાઢવાના છે !!” પણ બે મહિના પછી ય રજા ન મળી તે છેક એપ્રિલ મહિનામાં રણજીત આવ્યો. આવ્યાની પહેલી જ રાત્રે મોહિની રણજીતને વળગી પડતા રડી પડી : “હવે તમને નહીં જવા દઉ... મને એકલું એકલું કયાંય ગમતું નથી. આપણાં આડોશ-પાડોશમાં આપણી સાથે જ જેમના લગ્ન થયા છે તેઓ કેવા સાથે હરવા-ફરવા જાય છે ? મોજ-મસ્તી કરે છે ? આ જુઓ, આપણી સામેનો મેડો. હું રાત્રે આપણા રૂમમાં બેઠી હોઉ, ત્યારે સામેવાળા જયશ્રીભાભી અને વિરેન્દ્રભાઈ ઉપર આવીને કેવો રોમાન્સ માણતા હોય છે. હું હવે એકલી નહી રહું તમે નોકરી છોડી દો...” અને રણજીત ગુસ્સે થઈ ગયો. પડખામાં સુતેલી મોહિનીને ગુસ્સામાં ને ગુસ્સામાં હડસેલી દીધી.

મોહિની રડી પડી. રણજીતે ફોસલાવતા કહ્યું : “ હું તને જોવા આવ્યો ત્યારે વાત કરી જ હતી ને કે ? ” “મારે કશું સાંભળવું નથી. સમજયા ?” મોહિની નીચે સૂઈ ગઈ. દિવસો વીતતા ગયા બન્નેમાંથી કોઈએ તંત ન છોડયો અને દસ દિ’ પછી રણજીત ચાલ્યો ગયો ખેર, મોહિનીની વાત કંઈ ખોટી તો નહોતી. વાસ્તવિકતા સમજયા વગર એ પણ લગ્ન કરવા કબૂલ થઈ ગઈ હતી પણ જુવાનજોધ શરીર પોતાનો ગુણધર્મ થોડું છૂપાવી શકવાનું હતું ? આ તરફ આઈ.પી.એસ. બનવા માંગતો આદિત્ય તૈયારી કરી રહ્યો હતો એક દિવસ ખુલ્લા ડિલે બેઠેલા આદિત્યને જોઈને મોહિની આદિત્યના સુદ્દઢ શરીર ઉપર વારી ગઈ. પહોળા ઊંચા ખંભા, મજબુત બાંધો, ચહેરા ઉપર ખુમારી અને આંખોમાં યુવાનીનું તેજ ! એક દિવસની વાત હતી. ગોમતી અને ધૂળાજી સામાજિક કામે ગયા હતા. કયારે આવે તેનું કંઈ નક્કી નહોતું. દિયર ભોજાઈ રાત્રે જમીને પોત-પોતાના રૂમમાં સૂવા ગયા પણ મોહિનીનાં તરસ્યા તનમાં હવે વાસનાની આગ લાગી ચૂકી હતી. આજ ઘરમાં પોતે અને આદિત્ય સિવાય કોઈ નહોતું. એ હળવે હળવે દાદરો ઉતરી અને આદિત્યએ ઠાલું અટકાડેલું બારણું ખોલી અંદર ગઈ. આદિત્ય હજી સુતો જ હતો. મોહિની તેની પડખે સૂઈ ગઈ. એક હાથ આદિત્યના ચહેરાને અને ઝૂલ્ફાને સહેલાવવા લાગ્યો કે આદિત્ય ઉંઘમાંથી જાગી ગયો. જોયું તો ભાભી !!! “ભાભીઈઈઈ” તે ચીસ પાડી ઉઠયો : “આ શું કરો છો ભાભી ? ” “આદિત્ય...” મોહિનીની આંખોમાં વાસનાના સાપોલિયા રમતાં હતાં “આદિત્ય, હું તરસી છું... મારૂં તન - મન સઘળું તરસ્યું છે.. ચાલ, આજે તું મારી પ્યાસ બુઝાવ..”

“હટ્ટ... છી... છી... છી.... ” આદિત્યએ પલંગ ઉપરથી કૂદકો માર્યો : “કેવી વાત કરો છો તમે ? ભાભી તો મા ઠેકાણે હોય એને બદલે.... “એને બદલે આજ ભાભી તને સર્વસ્વ સોંપવા આવી છે આદિત્ય, મરદ હોય તો આજ પામી લે...” જવાબમાં આદિત્યએ એક થપાટ મોહિનીને ગાલે જડી દીધી. મોહિની ચીસ પાડી ઉઠી. એ જ ક્ષણે દરવાજો કિચૂડ કરતો ખૂલ્યો અને મોહિની ફળિયામાં દોડી આવી. જોયું તો સાસુ અને સસરા દરવાજો ખોલીને ફળિયામાં આવીને ઊભા રહ્યા હતા. મોહિનીએ ધ્રુસકે ને ધ્રુસકે રડતા સાસુને બાથ ભરીને ખભે માથું ઢાળી દીધું : “ દેવરજીએ મારી આબરૂ ઉપર હાથ નાખ્યો બાઈજી... સારૂં થયું કે તમે ખરે ટાંકણે આવી ગયા નહિંતર શું થાત મારૂં ? ”

પુત્રવધૂની વાત સાભળીને ધૂળાજીને દીકરા ઉપર કાળ ચડયો. ફળિયામાં પડેલા આડહરના બે ઘા આદિત્ય ઉપર કર્યા. આદિત્યએ રડતા રડતા કહ્યું : “બાપુ, હું નિર્દોષ છું, વાંક એનો જ છે. તમે મારી ઉપર વિશ્વાસ કરો !! પણ એક બાપને સગા દીકરા ઉપર વિશ્વાસ ન આવ્યો. જુઠ્ઠાબોલા સ્ત્રી ચરિત્રથી ગોમતી ધૂળાજી છેતરાઈ ગયા...

આદિત્ય ઘર મૂકીને ભાગી ગયો. ગામને સામે કાંઠે મફતપરામાં રહેવા. મા-બાપ સાથે છેડો ફાડી નાખ્યો. ચાર મહિના પછી રણજીત આવ્યો ત્યારે બીના જાણી. પોતાના નાના ભાઈએ પોતાની ભાભી ઉપર જ નજર બગાડી એ વાત જાણ્યા પછી એ પણ ઝનૂનથી આદિત્ય પાસે આવ્યો. “ભાઈ, હું નિર્દોષ છું, તમનેય વિશ્વાસ નથી ? ” ની દલીલો કામ ન આવી. રણજીતે મારેલા મૂઢમારે આદિત્યને શરીરની પીડા તો આપી પણ મોટા ભાઈએ કરેલ અવિશ્વાસથી તેનું મન ખિન્ન થઈ ગયું.

દરમિયાન એ પણ નોકરીએ લાગી ગયો. રણજીત તો હજી મિલટ્રીમાં જ હતો. બંધ મુઠ્ઠીમાં ભજવતા સંબંધો જેમ એક પછી એક દિવસો અને રાત્રીઓ પસાર થઈ રહ્યા હતા. પંદર વરસ પૂરા થઈ ગયા. સોળમું વર્ષ પુરૂં થતા જ રણજીતની નોકરી પૂરી થઈ અને ઘેર આવ્યો ત્યારે મા-બાપ કોઈ હયાત હતું નહી. જોડિયા બેય બાળકો વીસ વરસના થઈ ચૂક્યા હતા. એકવાર દસેક ફૌજી મિત્રોએ પરદેશ જવાનો કાર્યક્રમ બનાવ્યો. મુંબઈથી સીધું જ પ્લેન હતું. રણજીત “આવજો” કહીને ઘરેથી નીકળ્યો પણ નિયતિએ કશુંક નોખું જ વિચાર્યું હતું. એકસો ચાલીસ મુસાફર ભરેલું પ્લેન ક્રેશ થઈ સળગી ગયું. તમામ શરીર ભસ્મિભૂત થઈ ગયા. ખબર પડી એટલે રણજીતના અને ફૌજી મિત્રોના દીકરાઓ દોડ્યા. તમામ મૃતદેહો ડીએનએ મેચ કરીને આપવાના હતા, પણ રણજીતનો મૃતદેહ ડીએનએ મેચ થયા વગર ઓળખાયો નહીં. અંતે દીકરાઓને કાકા યાદ આવ્યા. આદિત્ય સઘળું ભૂલીને વહારે આવ્યો અને બેય ભાઈઓના ડીએનએ મેચ થતાં જ રણજીતનું બળેલું ડેડબોડી મળ્યું “કાકા, અમે ખૂબ કોશિષ કરી પણ પપ્પાના ડીએનએ અમારી સાથે મેચ થયા જ નહીં, એવું કેમ ? ” સંબંધે ભત્રીજા થતા રાહુલે આદિત્યને પૂછ્યું ત્યારે આદિત્યએ એટલું જ કહ્યું “એ તો બેટા મને શું ખબર હોય ? તું તારી મમ્મીને જ આ વાત પૂછી જોજે...” ભત્રીજા યુવાન હતા સમજી ગયા. દીકરાઓના પ્રશ્ન સાંભળી મોહિનીના મન ઉપર બાર મણનો બોજ છવાઈ ગયો હતો પણ હવે ? હવે થોડું જૂઠ ચાલે એમ હતું ? વર્ષો પછી પંડ્યના જણ્યાં આગળ જ જાણે પોતે હતી એવી દેખાઈ રહી હતી !! અને દીકરાઓ વગેર કહ્યે આજે આખો ઈતિહાસ સમજી ચૂક્યા હતા !!! ■

# બા જેવી જનેતા મને આ વિશ્વમાં ક્યાંય જોવા પણ નહીં મળે



# રાખનાં રમકડાં

ધારાવાહી નવલકથા



અમૃત પરમાર

“ખેર જ તું સાચું કહે છે દામલ, પરંતુ હું તો તને મારો ભગવાન જ માનું છું, અને જીવીશ ત્યાં સુધી ભગવાન જ માનતી રહીશ. કારણ કે તારા થકી તો વિજયની જિંદગી બચી છે. તેનાં મા-બાપ અને મારી જિંદગી પણ તારા લીધે જ જીવંત છે. આમ ચાર-ચાર જિંદગીનો એકમાત્ર તું જ તારણહાર છે. તારા લીધે જ મારો અને વિજયનો સંસાર ચાલતો રહેશે. એટલે તને તો હું મારા દેવ તરીકે પૂજીશ. તને જ પ્રાર્થના કરતી રહીશ.”

“ તારા માટે તો બધા દ્વાર ખૂલી ગયા....” દામલે કહ્યું : “પણ હું હવે તો કંઈ જુદા જ બંધનમાં બંધાઈ ચૂક્યો છું, આમાંથી બહાર નીકળવાનો એક પણ રસ્તો મને દેખાતો નથી. હમણાં જ આત્મહત્યા કરી લઉં, પણ એવું પણ કરી શકતો નથી. વચને બંધાયો છું. વળી મારી બા.... જીવે છે ને ? તેને મૂકીને.... તેને છોડીને હું કયાં જાઉ ? તને વચન આપ્યું છે એટલે હું આત્મહત્યા નહી કરૂં. કદાચ ઉપરવટ જઈને હું મરૂં તો એ જ ક્ષણે મારી માનું પ્રાણપંખેરૂ પણ ઊડી જ જાય.... તેની મને ખાત્રી છે. મારી મા... ને તો હું ઓળખું ને... ? અને બાનાં સપનાં કેવા છે, એ તો તને પણ ખબર જ છે, જ્યોતિ....”

હવે જ્યોતિ બોલી : “ બા જેવી જનેતા મને આ વિશ્વમાં કયાંય જોવા પણ નહીં મળે ને બા... આ ઘરમાં મને નહીં જુએ તો તેના પર શું શું વીતશે ? આવી કલ્પના માત્રથી હું ફફડું છું, દુઃખી થાઉં છું. પણ આ ઘરને છોડી જવું મારા માટે સો ટકા ફરજિયાત છે. એટલે ગામતરેથી બા પાછાં આવે તે પહેલાં જ આ કમળાપુરને હંમેશા માટે છોડી દઉં એવી મારી ઈચ્છા છે.” જ્યોતિનું આવું કહેવું સાંભળી દામલે ખૂબ નમ્રતાથી કહ્યું : જ્યોતિ, જેવી તારી મરજી, અહીથી તું ચાલી જઈશ પછીની કલ્પના માત્રથી મારૂં કલ્પાંત અને છાનું છાનું રૂદન આ ઘરની દિવાલોમાં રોજ રોજ અથડાતું રહેશે એ તો નક્કી જ છે અને હા, બા... નું તો તારા ગયા પછી શું થશે એ તો ભગવાન જાણે...?

“બા... વિશે હું શું કહું ? એ તો પ્રેમાળ અને પવિત્ર આત્માની સાક્ષાત જીવંત મૂર્તિ છે. તેની નજર સામે હવે તો હું નજર પણ મેળવી નહીં શકું, દામલ ! એટલે તો આપણા બેઉં માટે એ જ ઉત્તમ રહેશે કે તેની ગેરહાજરીમાં જ હું ચાલી નીકળું, મને ખબર છે કે ઘરમાં આવતાંવેંત બા મને નહીં જુએ એટલે તરત જ તને પૃચ્છા કરશે અને તને બા મારા વિશે પૂછે તો તારે... તારી રીતે મારા ચાલ્યા જવા વિશેનો જવાબ તો આપવો જ પડશે. પરંતુ જોજે તારા જવાબથી બાને જરા પણ આઘાત લાગવો ન જોઈએ... ” જ્યોતિ ઉંડાણથી વિચારીને બોલી.

“ સારૂં, હવે તું એની ચિંતા ન કર, અત્યારે મોડી રાતના બે થયા છે. વધારે ઉજાગરાથી તારી તબિયતને ખરાબ અસર થશે. હવે તો તારે તારી તબિયતનું વધારે ધ્યાન રાખવું પડશે. કારણ કે મારૂં બાળક તારા પેટમાં છે... એટલે તેનું ધ્યાન તો તારે જ રાખવાનું છે.. સમજી ? હવે આપણે ઊંઘી જઈએ તો.... ? ” દામલ ચિંતા વ્યક્ત કરતા બોલ્યો.

“સારૂં થયું કે તેં ઊંઘની યાદ અપાવી, ચાલ હવે ઊંઘી જઈએ..” વળી જ્યોતિએ જ આગળ કહ્યું : “બા તો હજી બે દિવસ પછી આવવાના છે. એટલે મેં તો મનોમન નક્કી જ કરી લીધું છે કે, પરમ દિવસે સવારમાં જ આ ઘર છોડીને હંમેશને માટે હું ચાલી જઈશ. તું જે કહે... બાની હાજરીમાં હું આ ઘર છોડીને કેવી રીતે નીકળી શકું... ?” આવું બોલી જ્યોતિ દામલને તાકતી રહી.

“તને યોગ્ય લાગે તેમ તું કર. મને વિશ્વાસ છે કે તું જે કંઈ નિર્ણય કરે છે તે હંમેશાં સાચો અને યોગ્ય જ હોય છે. બીજી એક વાત હું તને કરી દઉં તે તું ધ્યાનથી સાંભળ. આ જન્મે આપણે એક થયાં પણ એક છત નીચે સાથે રહી ન શક્યાં. પરંતુ... આવતા જન્મે આપણે ચોક્કસ એક બનીને સાથે સાથે જ જિંદગી વિતાવીશું...” વળી દામલ ભાવુક થઈને બોલ્યો. ત્યાં તો તરત જ જ્યોતિ પણ ભાવુક થઈ જઈ બોલી : જન્મોજન્મની એક અનોખી અતિ કિંમતી અને મહામૂલી ભેટ તો મેં તારી પાસેથી મેળવી લીધી છે...દામલ ! એ યાદ તો કેમેય કરીને ભૂલી જ નહીં શકાય. ચાર-ચાર જિંદગીનો તું તારણહાર બન્યો છે, તું મારો દેવ છે ને તારી પૂજા કરવી એ મારૂં સૌભાગ્ય છે. પળેપળ હું તને યાદ કરતી રહીશ અને સાચાં ફૂલડે વધાવીશ..” અને પછી એક જ પલંગ પર જ્યોતિ અને દામલ એકબીજાને મજબૂત રીતે આલિંગન કરી, કોઈ અલગ પ્રકારના સપનાની પાંખે જાણે કે ઉડવા જ લાગ્યાં.


(ક્રમશઃ) ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

# ભારત વર્લ્ડ પોલીસ અને ફાયર ગેમ્સ ૨૦૨૯નું આયોજન કરશે

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૮

ભારત વર્લ્ડ પોલીસ અને ફાયર ગેમ્સ ૨૦૨૯નું આયોજન કરશે. અમદાવાદ આ કાર્યક્રમનું આયોજન કરશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ભારતને આ રમતનું આયોજન મળવાને દેશ માટે ગર્વની ક્ષણ ગણાવી છે. તેમણે કહ્યું કે ભારતને આ રમતોનું આયોજન મળવું એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશમાં વ્યાપક રમતગમત માળખાના નિર્માણની વૈશ્વિક માન્યતા દર્શાવે છે.




ભારતને પ્રતિષ્ઠિત વર્લ્ડ પોલીસ અને ફાયર ગેમ્સ ૨૦૨૯નું આયોજન મળવું એ દરેક ભારતીય માટે ગર્વની ક્ષણ છે. ભારતને આ રમતોનું આયોજન મળવું એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશમાં વ્યાપક રમતગમત માળખાના નિર્માણની વૈશ્વિક માન્યતા દર્શાવે છે. તેમણે કહ્યું કે ગેમ્સ માટે અમદાવાદની પસંદગી, જેમાં પોલીસ, ફાયર અને ડિઝાસ્ટર સર્વિસીસ ૫૦ થી વધુ રમતોમાં ભાગ લેશે, તે શહેરની રમતગમતના સ્થળ તરીકે વધતી જતી પ્રતિષ્ઠાનો પુરાવો છે.

૧૯૮૫ થી દર બે વર્ષે વર્લ્ડ પોલીસ અને ફાયર ગેમ્સનું આયોજન કરવામાં આવે છે. તેની સ્થાપના પછી, ગેમ્સની ૨૦ આવૃત્તિઓ યોજાઈ છે.

# ફ્રાન્સમાં ભારતીય અને ફ્રેન્ચ સેનાનો સંયુક્ત લશ્કરી અભ્યાસ શક્તિ-૨૦૨૫

નવીદિલ્હી,તા.૨૮

ભારત-ફ્રાન્સ સંયુક્ત લશ્કરી અભ્યાસ શક્તિ-૨૦૨૫ લા કેવેલરીમાં ચાલી રહ્યો છે. આ કવાયત ૧૮ જૂનથી ચાલી રહી છે અને ૧ જુલાઈ સુધી ચાલુ રહેશે. દક્ષિણ ફ્રાન્સના લા કેવેલરીના કેમ્પ લાર્ઝાક ખાતે યોજાયેલ આ કવાયતમાં ભારતીય સેનાના જમ્મુ અને કાશ્મીર રાઈફલ્સ બટાલિયનના ૯૦ જવાનો તેમજ ફ્રેન્ચ સેનાના ડેમી-બ્રિગેડ ડી લીજન એટ્રાંગેરના સૈનિકો ભાગ લઈ રહ્યા છે.



સંયુક્ત કવાયતમાં દુર્ગમ ભૂપ્રદેશમાં લડાઈ તાલીમ, ફાઈટર એરક્રાફટને તોડી પાડવા, સંયુક્ત પેટ્રોલિંગ અને લશ્કરી પ્રવેશ તકનીકોનો સમાવેશ થાય છે. આ સાથે, ભારત અને ફ્રાન્સના લશ્કરી નિષ્ણાત સૈનિકો ઈલેક્ટ્રોનિક યુદ્ધ અને માનવરહિત હવાઈ પ્રણાલીઓ, સિગ્નલ ઈન્ટરસેપ્શન, જામિંગ, સ્પેક્ટ્રમ નિયંત્રણ અને ડ્રોન-ન્યુટ્રલાઈઝેશનનો અભ્યાસ કરી રહ્યા છે. સેનાએ કહ્યું છે કે સંયુક્ત કવાયતમાં આધુનિક યુદ્ધનું પ્રદર્શન કરવામાં આવ્યું છે. આ કવાયતનું મુખ્ય આકર્ષણ ૯૬ કલાકની લશ્કરી કવાયત હતી. જેમાં પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં કમાન્ડ સ્તરે નિર્ણયો લેવાની ક્ષમતા, મિશનનું સફળ સમાપન, યુદ્ધ જેવી પરિસ્થિતિમાં લશ્કરી એકમોની કાર્યવાહીમાં ગુણાત્મક સુધારો સામેલ છે.

# સાવરકુંડલાના ભમર પ્રાથમિક શાળામાં શિક્ષકોની અછત મુદ્દે ગ્રામજનોનો હોબાળો

અમરેલી,તા.૨૮




સાવરકુંડલા તાલુકાની ભમર પ્રાથમિક શાળામાં શિક્ષકોની અછતને કારણે શિક્ષણમાં પડતી મુશ્કેલીઓ મુદ્દે ગ્રામજનોએ અવાજ ઉઠાવ્યો છે. શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ દરમિયાન, સમસ્ત ગ્રામજનોએ શિક્ષણ વિભાગના અધિકારીઓનો ઘેરાવ કર્યો હતો અને ખાલી જગ્યાઓ તાત્કાલિક ભરવા માટે ઉગ્ર રજૂઆત કરી હતી.

# પાક.ના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં આત્મઘાતી હુમલો, ૧૩ સૈનિકોના મોત

**હુમલાખોરે વિસ્ફોટોથી ભરેલું વાહન કાફલામાં ઘુસાડી દીધું**

ખૈબર પખ્તુનવા,તા.૨૮

શનિવારે પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના ઉત્તર વઝીરિસ્તાન જિલ્લામાં એક આત્મઘાતી હુમલાખોરે લશ્કરી કાફલાને નિશાન બનાવ્યો હતો. આમાં ૧૩ સૈનિકો માર્યા ગયા હતા. જ્યારે ૧૦ સૈનિકો અને ૧૯ નાગરિકો ઘાયલ થયા હતા. સમાચાર એજન્સી એએફપી અનુસાર, હુમલાખોરે વિસ્ફોટકોથી ભરેલું વાહન લશ્કરી કાફલામાં ઘુસાડ્યું હતું. ખૈબર પખ્તુનખ્વામાં તૈનાત એક પોલીસ અધિકારીએ એએફપીને જણાવ્યું હતું કે વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે નજીકમાં આવેલા બે ઘરોની છત તૂટી પડી હતી, જેમાં છ બાળકો ઘાયલ થયા હતા. પાકિસ્તાન-તાલિબાન (ટીટીપી) સાથે સંકળાયેલા હાફિઝ ગુલ બહાદુર જૂથે આ બોમ્બ વિસ્ફોટની જવાબદારી સ્વીકારી છે. ખૈબર પ્રાંતને ટીટીપીનો ગઢ માનવામાં આવે છે.



# મોટાઝિંઝુડા ગામે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવનું ભવ્ય આયોજન

મોટાઝિંઝુડા,તા.૨૮



મોટાઝિંઝુડા ગામે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઉપસચિવ ડી.એસ. શર્મા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે મયુરભાઈ દેસાઈ (CRC), દક્ષાબેન ભટ્ટ (CDPO), ગામના સરપંચ પંકજ ઉનાવા, ઈલાબેન નાકરાણી, ગામના આગેવાનો અને પંચાયતના સભ્યો પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત બાળકોના શાળા પ્રવેશની ઉજવણી સાથે થઈ, જેમાં નવા વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ અને શુભેચ્છાઓ આપવામાં આવી. મુખ્ય મહેમાન ડી.એસ. શર્માએ શિક્ષણની મહત્તા અને ખાસ કરીને બાળકીઓના શિક્ષણના મહત્વ પર ભાર મૂક્યો.

**નર્મદાની પાઈપલાઈનનું સમારકામ પૂર્ણ થઈ જતા**

# બગસરામાં ફરી એકાંતરા પાણી વિતરણ કરવાનો નિર્ણય, મહિલાઓમાં હાશકારો

**છેલ્લાં ૨૨ દિવસથી ત્રણ દિવસે પાણી વિતરણ થતુ હતું**

બગસરા,તા.૨૮

બગસરામાં અપુરતા વરસાદને કારણે હજુ પાણીના તળ ઉંચા ન આવતા શહેરને પાણી માટે નર્મદાના પાણી પર આધાર રાખવો પડતો હતો. જો કે નર્મદા નદીની પાઈપલાઈનનું રીપેરીંગ કામ પૂર્ણ થઈ જતા હવે એકાંતરા પાણી વિતરણ કરવાનો નિર્ણય લેવાયો છે. બગસરામાં વર્ષોથી એકાંતરા પાણી વિતરણ થાય છે પરંતુ હજુ અપુરતો વરસાદ હોવાથી કૂવાના તળ ઉંચા ન આવતા દૈનિક ૧૦ લાખ લીટર પાણીની ઘટ આવતી હતી તેમજ નર્મદા નદીની પાઈપલાઈનનું સમારકામ ચાલતું હોવાથી શહેરમાં એકાંતરાને બદલે ત્રણ દિવસે પાણી વિતરણ કરવામાં આવતા હોબાળો મચી ગયો હતો. શહેરને એકાંતરા પાણી મળે તે માટે સંજયભાઈ વ્યાસ, મધુભાઈ શેખવા, વિપુલભાઈ સહિતના કર્મચારીઓએ રાત ઉજાગરા કરી શહેરને નર્મદાનું પાણી મળે તેવા પ્રયત્નો કર્યા હતા. જો કે હવે નર્મદાનું પાણી બગસરાને મળવા લાગતા શહેરમાં આજથી ફરી એકાંતરા પાણી વિતરણ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

**એસએમસીના વડા નિર્લીપ્ત રાય, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી સહિતનાઓની હાજરીમાં**

# ધારીના દલખાણીયા, મીઠાપુર (નક્કી) ગામે ભવ્ય શાળા પ્રવેશોત્સવ યોજાયો

**શાળામાં પ્રવેશ કરી રહેલા બાળકોને આવકારવામાં આવ્યા**

ધારી,તા.૨૮

ધારી તાલુકાના દલખાણીયા તેમજ મીઠાપુર(નક્કી) ગામ ખાતે શાળા પ્રવેશોત્સવ યોજી શાળામાં પ્રવેશ કરી રહેલા નાના-નાના ભૂલકાઓને આવકાર્યા હતા. આ કાર્યક્રમમાં સ્ટેટ મોનિટરીંગ સેલના વડા નિર્લિપ્ત રાય, અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, ગૃહ રાજય મંત્રીના અંગત સચિવ આશિષભાઈ વાળા, જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન અશ્વીનભાઈ કુંજડીયા, ધારી તાલુકા પંચાયતના ઉપપ્રમુખ ભરતભાઈ અંટાળા સહિત આગેવાનો, કર્મચારીઓ અને ગ્રામ્ય આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.




# ધોકડવા ગામે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ભવ્ય ઉજવણી કરાઈ

ઉના, તા.૨૮

ગીર ગઢડા તાલુકાના ધોકડવા ગામે રાજ્ય કક્ષાના અધિકારી હર્ષિલ પી. રાણપરિયાના માર્ગદર્શન હેઠળ ભવ્ય શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાયો હતો. આ પ્રસંગે રાણપરિયાએ બાળકોને શિક્ષણનું મહત્વ સમજાવી પ્રોત્સાહિત કર્યા હતા. ધોકડવા માધ્યમિક શાળાની વિદ્યાર્થિનીઓએ વિવિધ કૃતિઓ રજૂ કરી હતી. ધોરણ દસ અને અગિયારમાં પ્રથમ અને દ્વિતીય સ્થાન મેળવનાર વિદ્યાર્થિનીઓને ઈનામ વિતરણ કરી સન્માનિત કરવામાં આવી હતી.



# કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા પાલિતાણા તાલુકામાં વૃક્ષારોપણ કરશે

અમરેલી,તા.૨૮

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી મનસુખભાઈ માંડવીયા આજે રવિવારના રોજ ભાવનગર જિલ્લાના પ્રવાસે આવનાર છે. આ દરમિયાન પાલિતાણા તાલુકાના વિવિધ સ્થળોની મુલાકાત લઈ વૃક્ષારોપણ કરશે. આજે સવારે ૭ વાગ્યે પાલિતાણાના સ્વચ્છતા કર્મીઓ સાથે તથા એનએસએસ તથા માય ભારતના યુવાનો સાથે ફાઈટ ઓબેસીટીના સંદેશ સાથે સન્ડે ઓન સાયકલમાં ભાગ લેશે. આ સાયકલ યાત્રા બજરંગદાસ બાપા સર્કલથી શરૂ થશે. સવારે ૯ વાગ્યે નોંઘણવદર, નેસડી, હણોલ, આંકોલાળી, લોંઈચડા અને સેંજળીયા ગામે વૃક્ષારોપણ કરશે.



# ધોરાજીમાં બાઈક અને મોબાઈલની ચોરી કરનાર ઈસમને પોલીસે ઝડપ્યો

ધોરાજી, તા.૨૮

ધોરાજી નેશનલ હાઈવે પર આવેલી વડવાળા હોટલ પાસેથી બાઈક અને મોબાઈલની ચોરી કરનાર એક ઈસમને ધોરાજી તાલુકા પોલીસે ઝડપી પાડ્યો છે. સામખિયાળીના રહેવાસી આદમખાન પઠાણે હોટલ પાસેથી એક બાઈક અને મોબાઈલ, તેમજ હાઈવે પર બહાર પડેલા ખાટલા પરથી અન્ય બે મોબાઈલ ચોરી લીધા હતા અને નાસી છૂટ્યો હતો. ધોરાજી તાલુકા પોલીસ અધિકારી જે.પી. ગોસાઈ અને દિવ્યરાજસિંહ પઢિયાર સહિતની ટીમે હ્યુમન સોર્સિસની મદદથી આરોપીને ઝડપી પાડી, ચોરાયેલ બાઈક અને મોબાઈલ સહિતનો મુદ્દામાલ કબજે કર્યો છે.



# ધોરાજી-જૂનાગઢ વચ્ચેના મજેવડી દેવતણખી ધામ ખાતે ૧૧૪મી રથયાત્રામાં હજારો લોકો જોડાયા

ધોરાજી, તા.૨૮

ધોરાજી-જૂનાગઢ વચ્ચે આવેલા દેવતણખી ધામ મજેવડી ખાતે અષાઢી બીજ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો હતો. બે દિવસથી મહોત્સવમાં હજારોની સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. દેવતણખી ધામ ખાતે લુહાર સમાજના કુલભૂષણ સંત શ્રી દેવતણખી દાદા અને તેમની પુત્રી લીરલબાઈએ અષાઢી બીજના દિવસે જીવતા સમાધિ લીધી હતી. તે વખતથી ચેતન સમાધિ ખાતે સમગ્ર દેશમાંથી હજારો લોકો દર્શન માટે આવે છે. અષાઢી બીજ નિમિત્તે અહીંથી ૧૧૪મી વિશાળ રથયાત્રાનો વૈદિક મંત્રોચ્ચાર સાથે પ્રારંભ કરવામાં આવેલ. રથયાત્રામાં ધામના પ્રમુખ શાંતિલાલ ગોહિલ જૂનાગઢ, ઉપપ્રમુખ રાજેશભાઈ પિત્રોડા મજેવડી, મંદિરના પૂજારી શાસ્ત્રી વિઠ્ઠલ ભગત, સમાજના શ્રેષ્ઠીઓ, જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, મજેવડીના સરપંચ, શહેરના આગેવાનો અને જૂનાગઢ જિલ્લાના આગેવાનો જોડાયા હતા. આ રથયાત્રામાં મોટી સંખ્યામાં શણગારેલા વાહનો જોડાયા હતા. ગૌશાળાના બેન્ડવાજા અને રાસ મંડળીની રમઝટ જોવા મળી હતી. રથયાત્રા મજુરી ગામની અંદર મૂળ દેવતણખી બાપાની જે જગ્યાએ પ્રસાદીનું સ્થાન હતું ત્યાં મામેરુ ભરવા ગઈ હતી અને મામેરુ ભરીને નિશાન દેવતણખી ધામ ચેતન સમાધિ ઉપર ચઢાવવામાં આવ્યું હતું. રથયાત્રામાં જૂનાગઢ તાલુકા પોલીસે બંદોબસ્ત જાળવ્યો હતો.



# લેરકા પ્રાથમિક શાળામાં પ્રવેશ મહોત્સવ ટાણે છત પરથી પોપડા પડતાં બે બાળાઓ ઘાયલ

ડોળાસા, તા.૨૮

ડોળાસાની લેરકા ગામની પ્રાથમિક શાળામાં યોજાયેલા પ્રવેશ મહોત્સવના કાર્યક્રમમાં છત પરથી પોપડા પડતાં બે બાળાઓ સામાન્ય રીતે ઘાયલ થઈ હતી. આ ઘટનાએ સરકારી શાળાઓના નિર્માણ અને મરામતના કામની ગુણવત્તા સામે ગંભીર પ્રશ્નાર્થ ઊભા કર્યા છે. આશરે દસ વર્ષ પૂર્વે બનેલી અને તાજેતરમાં જ મરામત પામેલી શાળામાં સવારે ૧૦ વાગ્યે પ્રવેશ મહોત્સવનો પ્રારંભ થયો હતો. જેમાં TPEO હરેશભાઈ વાઢેળ, કેળવણી નિરીક્ષક હસમુખભાઈ વાઢેળ, TRP કટારીયા, સરપંચ દિલીપભાઈ વાળા સહિત અનેક અગ્રણીઓ અને વાલીઓ હાજર હતા. કાર્યક્રમ શરૂ થયાના પંદર મિનિટ બાદ વરસાદનું ઝાપટું આવતા, ઉપસ્થિત સૌ પાછળના રૂમમાં આશ્રય લેવા ગયા હતા. તે જ ક્ષણે, તાજેતરમાં રિપેર કરાયેલી છત પરથી ત્રણ ફૂટથી મોટો પોપડો તૂટી પડ્યો. સદભાગ્યે, ધોરણ ૧માં પ્રવેશ મેળવનાર દિપાંશી અશ્વિનભાઈ સોલંકી અને બાલવાટિકામાં પ્રવેશ મેળવનાર રિયાંશી વિપુલભાઈ સોલંકીને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. સરકારી શાળાઓના બાંધકામ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ થતો હોવા છતાં, મકાનોની ગુણવત્તા નબળી હોવાનું વારંવાર સામે આવે છે. આ ઘટના સરકારી બાંધકામોમાં થતા ભ્રષ્ટાચાર અને ગુણવત્તાના અભાવને ઉજાગર કરે છે, અને તાત્કાલિક યોગ્ય તપાસની માંગ ઉઠી છે.





૪ દર્દી સારવાર હેઠળ છે આ દર્દી સ્વસ્થ થતાં તેમને રજા અપાશે

# અમદાવાદ પ્લેન ક્રેશમાં ૨૫૯ મૃતકોના ડીએનએ મેચ થતા મૃતદેહ સોંપી દેવાયા

અમદાવાદ,તા.૨૮



પ્લેન ક્રેશની દુર્ઘટના બાદ સિવિલ હોસ્પિટલ દ્વારા ડીએનએ મેચિંગ થતાં મૃતદેહ પરિજનોને સોંપવાની કામગીરી શરૂ કરી હતી. જે અંતર્ગત શુક્રવારે ૧ મૃતદેહ સગાને સોંપાયો છે, આ સાથે સિવિલ હોસ્પિટલ દ્વારા અત્યાર સુધીમાં ૨૫૯ મૃતદેહ સગાને સોંપાઈ ગયા છે. સિવિલના સુપરિટેન્ડેન્ટ ડો.રાકેશ જોશી જણાવે છે કે, ડીએનએ મેચિંગ બાદ ગુરુવાર સુધીમાં ૨૫૮ મૃતદેહ પરિજનોને સોંપાયા હતા. પરંતુ, ૧ મૃતદેહ સોંપવાનો બાકી હતો, જે પરિજનો શુક્રવારે આવીને લઈ ગયા છે. હવે એક પણ મૃતદેહ સોંપવાનો બાકી નથી. દુર્ઘટનામાં સારવાર માટે દાખલ દર્દીમાંથી ૧ દર્દી સ્વસ્થ થતાં તેમને શુક્રવારે હોસ્પિટલમાંથી રજા અપાઈ છે, તેમજ હજુ ૪ દર્દી સારવાર હેઠળ છે આ દર્દી સ્વસ્થ થતાં તેમને રજા અપાશે.

# શાળા પ્રવેશોત્સવ બાદ મુખ્યમંત્રીએ બીએસએફ જવાનો સાથે ગોષ્ઠિ કરી


ભુજ,તા.૨૮



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ શાળા પ્રવેશોત્સવ-૨૦૨૫માં કચ્છ જિલ્લાના છેવાડાના ગામ કુરનની શાળામાં બાળકોનું શાળા નામાંકન કરાવવા માટે શુક્રવારે મોડી સાંજે કચ્છ પહોચ્યા હતા. મુખ્યમંત્રીએ કચ્છના રણમાં આંતરરાષ્ટ્રીય સરહદની સુરક્ષા કરતા બોર્ડર સિક્યુરીટી ફોર્સ બી.એસ.એફ.ની ૮૫ બટાલિયનના જવાનોને મળીને તેમની સાથે ભોજન લીધું હતું. ૧૯૭૧ના યુદ્ધમાં આ બટાલિયનના જવાનોએ દુશ્મન ક્ષેત્રમાં અંદર સુધી પ્રવેશ કરીને પાકિસ્તાની સૈન્યની કોલમ નષ્ટ કરી હતી અને ૨૧મા બલુચ રેજિમેન્ટના રેજિમેન્ટલ હેડક્વાર્ટર પર હુમલો કરીને તેને નષ્ટ કર્યું હતું. ૮૫ બટાલિયને રેજિમેન્ટલ ઈન્સિગ્નિયા અને રાઈફલ રેક જેવી યુદ્ધ ટ્રોફીઓ મેળવી છે અને ૧૯૭૧ના યુદ્ધમાં આ બટાલિયનના વિજયે તેને બલુચ વિજેતાની ઓળખ અપાવી છે એટલું જ નહીં, ઓપરેશન સિંદુરમાં પણ ૮૫ બટાલિયન બી.એસ.એફ. એ મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી છે. મુખ્યમંત્રીએ દેશની સીમાની સુરક્ષા કરતા બી.એસ.એફ.ના આ જવાનો સાથે સંવાદ ગોષ્ઠી પણ કરી હતી અને રણની વિષમ પરિસ્થિતિમાં પણ દેશની સરહદના સંત્રી તરીકે ખડે પગે રહેવાની ફરજ નિષ્ઠાની પ્રસંશા કરી હતી.

# સાબરકાંઠામાં વ્યાજખોરના ત્રાસથી પિતા-પુત્રએ આપઘાત કર્યો

સાબરકાંઠા,તા.૨૮



પીએમ થયા બાદ મૃતદેહ પરિજનોને સોંપવામાં આવશે

સાબરકાંઠામાં વ્યાજખોરોનો ત્રાસ સામે આવ્યો છે જેમાં વ્યાજખોરના ત્રાસથી પિતાએ પુત્ર સાથે કૂવામાં ઝંપલાવી આપઘાત કર્યો હોવાની વાત સામે આવી છે, ઈડરના ફીંચોડમાં પરિવારનો માળો વિખેરાયો છે, પિતાએ પુત્રને કૂવામાં નાખી પોતે મોતની છલાંગ લગાવી હતી, વ્યાજખોર રૂપિયા માટે કડક ઉઘારાણી કરતા હોવાથી આપઘાત કર્યો હોવાની વાત સામે આવી છે. સાબરકાંઠામાં વ્યાજખોરોનો આતંક સામે આવ્યો છે, જેમાં વ્યાજખોર પાસેથી પિતાએ રૂપિયા લીધા હતા અને તે રૂપિયા પણ ચૂકવવામાં આવતા હતા, ત્યારે પિતાએ વ્યાજખોરના ત્રાસથી કંટાળીને આપઘાત કર્યો હોવાની વાત સામે આવી છે, પરિવારનો આક્ષેપ છે કે, વ્યાજખોર ઘરે આવીને રૂપિયાની ઉઘરાણી કરતા હતા. પોલીસે મૃતદેહને પીએમ માટે ખસેડ્યો હતો અને પીએમ થયા બાદ મૃતદેહ પરિજનોને સોંપવામાં આવશે, તપાસ દરમિયાન પોલીસને કોઈ સ્યુસાઈડ નોટ પણ મળી આવી નથી.

# હાઈકોર્ટની સુનાવણી દરમિયાન અરજદાર શૌચાલયમાંથી ઓનલાઈન જોડાયો

અમદાવાદ,તા.૨૮

ગુજરાત હાઈકોર્ટમાં બે અરજદારોએ પોતાની સામે થયેલી ફરિયાદ રદ કરવા અરજી કરી હતી. જે ૨૦ જૂન, ૨૦૨૫ના રોજ જજ નિર્ઝર દેસાઈની કોર્ટમાં ઉપસ્થિત થઈ હતી. આ કેસની કાર્યવાહી પહેલા ફરિયાદી અબ્દુલ સમદ પોતાના ફોનથી હાઈકોર્ટની સુનાવણીમાં ઓનલાઈન જોડાયો હતો. જેને યુટ્યુબ ઉપર જોઈ શકાતો હતો. જેમાં સુરતનો અબ્દુલ સમદ ટોઈલેટમાં બેઠેલો જોવા મળે છે. હાલ આ વીડિયો વાઈરલ થયો છે. અબ્દુલ સમદે ફરિયાદ કર્યા બાદ સમાધાન થતા આરોપીઓએ ફરિયાદ રદ કરવા હાઈકોર્ટમાં અરજી કરી હતી. જ્યારે કોઈ ફરિયાદ રદ કરવાની હોય ત્યારે હાઈકોર્ટ ફરિયાદીને પૂછે છે કે શું તે આ ફરિયાદ રદ કરવા માંગે છે? જેથી જવાબ આપવા અબ્દુલ સમદ ઓનલાઈન હાઈકોર્ટમાં જોડાયો હતો.

# કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ અને રાજ્યપાલ આચાર્ય દેવવ્રત વચ્ચે મુલાકાત

ગાંધીનગર,તા.૨૮

ભારતના ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ રાજભવન પધાર્યા હતા. તેમણે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન બંને મહાનુભાવો વચ્ચે ગુજરાત સહિત સમગ્ર દેશમાં પ્રાકૃતિક ખેતીના વિસ્તરણ અને સહકારી ક્ષેત્રની ભૂમિકા અંગે ઊંડો વિચાર-વિમર્શ થયો હતો. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ અમિત શાહને ગુજરાતમાં પ્રાકૃતિક ખેતી ક્ષેત્રે ચાલી રહેલા પ્રયાસોની વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ખેડૂતોને રાસાયણિક ખેતી છોડીને પ્રાકૃતિક ખેતી માટે પ્રેરિત કરવામાં આવી રહ્યા છે. પ્રાકૃતિક ખેતી માટેનું જન આંદોલન જનભાગીદારીથી રાજ્યમાં ઝડપથી વિસ્તરી રહ્યું છે. આ અવસરે અમિત શાહે ગુજરાતમાં ચાલી રહેલા પ્રાકૃતિક ખેતીના અભિયાનની પ્રશંસા કરી અને કહ્યું કે, આ કાર્ય માત્ર ખેડૂતોના આર્થિક સશક્તિકરણનું સાધન નથી, પરંતુ જમીન, પાણી અને પર્યાવરણની રક્ષા માટેનો મહત્વપૂર્ણ ઉપાય પણ છે.











